श्री पंचोली सेवा / समाज महामंडळ

तमसो मां ज्योतिर्गमय

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
## સંચાલિત

# પંચોલી નવયુગ

માર્ચ – એપ્રિલ – મે : ૨૦૨૫


વર્ષ : ૬૩

સળંગ અંક નં. ૫૦૬



તંત્રીઃ શ્રી જયકુમાર એમ. પંચોલી

સહતંત્રીઃ શ્રી જીગર એન. મપારા

Pancholi Navyug Email ID. : jpancholi11052004@gmail.com

Email : infospssmm@gmail.com Website : www. pancholisamaj.org



માસિક કિંમત : રૂા. ૧૦/– વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/–

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

## પંચોલી નવયુગ

માર્ચ–એપ્રિલ–મે : ૨૦૨૫

તમસો માં જ્યોતિર્ગમય

–: પ્રકાશન સ્થળ :–

૮૦૩-૮૦૪, બ્લુચીપ કોમ્પ્લેક્ષ, સ્ટોક એક્ષચેજન્સની પાસે, સયાજીગંજ, વડોદરા, ગુજરાત

| | |
|---|---|
| પ્રકાશન સામયિકતા | : દ્વિમાસિક |
| પ્રકાશક તંત્રી નામ | : શ્રી જય એમ. પંચોલી |
| મુદ્રકનું નામ | : **સખી ગ્રાફીક્સ એન્ડ ડીઝાઈનીંગ** |
| મુદ્રકનું સરનામું | : ૮૦૩-૮૦૪ બ્લુચીપ કોમ્પ્લેક્ષ, સ્ટોક એક્ષચેન્જ બીલ્ડીંગની પાસે, સયાજીગંજ, વડોદરા. |
| માલિકી ધરાવનાર | : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બીજનગર, અંકલેશ્વર |

હું જય એમ. પંચોલી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

– જય એમ. પંચોલી

## તંત્રીશ્રી



**જય મધુસુદનભાઈ પંચોલી**
બી-૬૩, ઉમાકોલોની,
ડોમીનોઝ પીઝા લેન, ઉમા ચાર રસ્તા,
વાઘોડીયા રોડ, વડોદરા.
મો. ૯૯૯૮૦ ૫૪૪૭૫
Email : jpancholi11052004@gmail.com



**જીગર નરેન્દ્રભાઈ મપારા**
એ-૨૦૩, બાલાજી એંકલેવ,
દેવપુષ્પ ડુપ્લેક્ષની સામે,
કલાદર્શન ચાર રસ્તા પાસે,
વાઘોડીયા રોડ, વડોદરા.
મો. ૯૮૯૮૬ ૪૮૬૬૪

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફક્ત દિપોત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. ૮૦૦/- |
| પા પેજ | રૂા. ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

**અગત્યની નોંધ :**
જે કોઈ એકમના અથવા સભ્યના દિવાળી અંક પેટે જાહેરાતના રૂા. બાકી હોય તો વહેલી તકે જમા કરાવવા વિનંતી અને તેની જાણ અમોને કરવી.

## પ્રમુખ નોંધ...



શ્રી ભરતકુમાર સી. પંચોલી

વ્હાલા જ્ઞાતિજનો,

આશા રાખું છું કે નવયુગનો જાન્યુઆરી-ફેબ્રુઆરીનો અંક સર્વે જ્ઞાતિજનોને મળી ગયો હશે.

વિદ્યાર્થીઓના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના પરિણામ આવી ગયા. ઉતીર્ણ થયેલ સૌને ખૂબ ખૂબ અભિનંદન.

એપ્રિલ અને મે માસ એટલે ગરમીનો મહિનો. સખત ગરમીનો આપણને અનુભવ થઈ રહ્યો છે. જેમાં કુદરત પણ હવે પરિવર્તન કરી રહી છે. ઉનાળાની ગરમીમાં ચોમાસાનો અનુભવ. માર્ચ માસ પૂર્ણ થાય એટલે હિસાબોની કામગીરીની શરૂઆત થાય. ટુંક સમયમાં હિસાબો તૈયાર હશે. એટલે કારોબારી સભાનું આયોજન કરીશું ત્યારબાદ સામાન્ય સભાનું આયોજન કરીશું. દરેક એકમના હોદ્દેદારો તથા મહામંડળના તમામ હોદ્દેદારો અને ટ્રસ્ટીમંડળના સભ્યોને ઉપરોક્ત બંને મીટીંગમાં હાજર રહેવા વિનંતી કરું છું. દરેક એકમના હોદ્દેદારોને વિનંતી કે આપના એકમમાં નગયુગની જરૂરીયાત માટે નવયુગ તંત્રી તથા સહતંત્રીનો સંપર્ક કરવો.

આપ સૌના સાથ-સહકારથી સમાજની પ્રવૃત્તિને વેગ મળે છે. ખાસ નવયુગનો તથા મહિલા-મંડળ સક્રિય બની પ્રવૃત્તિમય રહે એવી આશા.

"જય પંચોલી સમાજ"

લી. આપનો વિશ્વાસુ

**ભરત સી. પંચોલી**

પ્રમુખ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

## તંત્રી નોંધ...



જય એમ. પંચોલી

પ્રિય પંચોલી સમાજ પરિવાર,

છેલ્લા મહિનાઓની સિદ્ધિઓ અને ગતિશીલ ઘટનાઓ પર ચિંતન કરવાથી સમાજ પર અપાર ગર્વ અને આનંદ મળે છે. આપણા સમુદાયમાં એકતા અને શ્રેષ્ઠતાની ભાવના જે આપણને એક તાંતણે બાંધે છે અને મૂલ્યોને મજબૂત બનાવે છે એ સાચે જ સરાહનીય છે.

આપણા સમાજ માટે શિક્ષણ હંમેશા પ્રગતિનો આધારસ્તંભ રહ્યું છે અને આ વર્ષે આપણા યુવા સિદ્ધિઓએ આપણને ગર્વ અપાવ્યો છે! પંચોલી સમાજના ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓએ નોંધપાત્ર સમર્પણ અને સખત મહેનત દર્શાવી છે. તેમણે બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામો મેળવ્યા એ તેમની સફળતા, દ્રઢતા અને તેમના માર્ગદર્શકોના માર્ગદર્શન અને તેમના પરિવારોના અવિરત સમર્થનનો પુરાવો છે.

ચાલો આપણે આપણા માર્ગમાં આવતી દરેક ઉજવણી, પહેલ અને પડકારમાં એકતાપૂર્વક ઊભા રહેવાની આપણી પ્રતિબદ્ધતાને ફરીથી પુષ્ટિ આપીએ. સાંસ્કૃતિક મેળાવડા હોય, ઉત્સવના પ્રસંગો હોય કે પ્રતિકૂળતાની ક્ષણો હોય પંચોલી સમાજની સાચી તાકાત તેની એકતામાં રહેલી છે. એકતા ફક્ત આનંદની ક્ષણો વહેંચવા વિશે નથી તે સમર્થનને પ્રોત્સાહન આપવા, ભાગીદારી સુનિશ્ચિત કરવા અને આપણા સમુદાયના સામૂહિક વિકાસ તરફ કામ કરવા વિશે છે. આપણામાંના દરેક આપણી પરંપરાઓને જીવંત રાખવામાં, આપણા બંધનોને મજબૂત બનાવવામાં અને આપણા સહિયારા મૂલ્યોને પ્રતિબિંબિત કરવા ભવિષ્યના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ચાલો આપણે ઉજવણી કરીએ, એકબીજાને ટેકો આપીએ અને ઉત્થાન આપીએ કારણ કે જ્યારે પંચોલી સમાજ સાથે ઊભો રહે છે, ત્યારે આપણે ઉપર ઉઠીએ છીએ. શુભેચ્છાઓ સાથે.

**જય પંચોલી**

સંપાદક, નવયુગ મેગેઝિન

પંચોલી નવયુગ શુભચિંતક સ્વ. શાંતિલાલ ખુશાલદાસ મિસ્ત્રી મુંબઈ ગં.સ્વ.હસુમતીબેન ઠાક્ષાભાઈ મિસ્ત્રી મુંબઈ

# શ્રી પંચોલી સેવા સમાજ – મુંબઈ

## શ્રી રામનવમી નિમિત્તે નવચંડી હવન વાર્ષિક સામાન્ય સભા
## વર્ષ ૨૦૨૪–૨૦૨૫

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ વર્ષ ૮૦ (૨૦૨૪–૨૦૨૫) શ્રી રામનવમી નિમિત્તે નવચંડી યજ્ઞનું આયોજન રવિવાર તા. ૬ એપ્રિલ ૨૦૨૫ ના રોજ શ્રી રાધાકૃષ્ણ બેંકવેટ હોલ, મીરારોડ (ઈસ્ટ) મુકામે સવારે ૯.૦૦ કલાકે પ્રારંભ કરાયો. સવારે ૯.૩૦ કલાકે ગરમા ગરમ સ્વાદિષ્ટ ફરાળી પેટીસ, ચટણી, ચ્હા અને કોફી માણી હાજર સર્વે સભ્યો પ્રસન્ન થઈ ગયા.

કારોબારી સમિતિ દ્વારા નવચંડી હવનના પ્રારંભમાં શ્રી ગણેશજીની વંદના કરી, નવદુર્ગા, કુળદેવી, ચામુંડા માતાજી, અંબાજી, લક્ષ્મીજી, સરસ્વતીજી તેમજ પોતાના ઈષ્ટદેવને યાદ કરી શ્રી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશજીના આર્શીવાદ પ્રાપ્ત કરી અભિષેક યોજવામાં આવ્યો અને શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈ છેલ્લા લગભગ ૬૨ વર્ષથી થતા નવચંડી યજ્ઞ માટે તેમજ સમાજની પ્રગતિ, ઉન્નતિ અને દરેક કાર્યમાં સમૃદ્ધિ માટે ઈષ્ટદેવ, ગણેશજી, કુળદેવી અને નવદુર્ગામાં ને સાષ્ટાંગ પ્રણામ કરી ક્ષમા–યાચના વંદના કરી વિશેષ આર્શીવાદ પ્રાપ્ત કરવામાં આવ્યા, ત્યારબાદ નવચંડી હવન પ્રારંભ કરાયો. આજરોજના યજ્ઞોત્સવના લાભાર્થી યજમાનો રહ્યા:

૧) શ્રીમતી ડીનેલ અને શ્રીમાન નકુલ ભાવિકભાઈ કાપડિયા – મુંબઈ

૨) શ્રીમતી સાક્ષી અને શ્રીમાન મયુર કમલભાઈ કાપડિયા – દહીસર

૩) શ્રીમતી નીતા અને શ્રીમાન મયંક ઠાકોરલાલ આત્મારામ મિસ્ત્રી – વિરાર

સવારે ૧૦.૩૦ કલાકે, મંત્રી શ્રી પરાગભાઈ નવીનચંદ્ર મિસ્ત્રી દ્વારા આજરોજના પ્રસંગે પધારેલ લગભગ ૨૫૦ જેટલા સભ્યોનું સ્વાગત કરી અભિનંદન અપાયા અને આજરોજના કાર્યક્રમની શરૂઆત અર્થે શ્રી વિશાલભાઈ કાપડિયા અને શ્રીમતી ફોરમબેન ગાંધીને મંચ ઉપર આમંત્રિત કરાયા અને શુભકાર્યની શરૂઆત શ્રી ગણેશજીની વંદના થી કરવામાં આવી. ત્યારબાદ શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈ અને તેની સંલગ્ન સંસ્થાઓના તમામ કારોબારી સભ્યોને મંચ ઉપર આમંત્રિત કરાયા અને ભારતદેશના રાષ્ટ્રગીત જન ગન મન ને સન્માનિત કરવામાં આવ્યું. જે સાથે સભામાં હાજર રહેલા તમામ સભ્યો દ્વારા પોતાના સ્થાન ઉપર ઉભા રહી વર્ષ દરમ્યાન સ્વર્ગવાસ પામેલ સભ્યોને મૌન જાળવી શ્રદ્ધાંજલિ અર્પિત કરવામાં આવી. ત્યારબાદ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ દ્વારા રચાયેલ પંચોલી ગીત સભાખંડમાં ગુંજી રહ્યું. ત્યારબાદ શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈના પ્રમુખ શ્રી રાહુલભાઈ જીતેન્દ્રભાઈ મિસ્ત્રી અને આજરોજનાં અધ્યક્ષ શ્રીમાન મયંકભાઈ ઠાકોરલાલ મિસ્ત્રી સાથે શ્રી પંચોલી ભગીની સમાજ–મુંબઈના પ્રમુખ શ્રીમતી ડિમ્પલબેન હિરલભાઈ મિસ્ત્રી અને આજરોજના અધ્યક્ષા શ્રીમતી વંદનાબેન મયંકભાઈ મિસ્ત્રીને મંચ ઉપર આમંત્રિત કરાયા. ત્યારબાદ શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈના ઉપપ્રમુખ શ્રી વિશાલભાઈ કમલભાઈ કાપડિયા, ખજાનચી શ્રી કુંતલભાઈ પ્રફુલભાઈ પંચોલી આ સર્વે હોદ્દેદારોને મંચ ઉપર આમંત્રિત કરી સર્વે ને પોતપોતાનું સ્થાન ગ્રહણ કરવા વિનંતી કરવામાં આવી. જે સાથે પ્રમુખ શ્રી રાહુલભાઈ મિસ્ત્રી દ્વારા આજરોજના અધ્યક્ષ શ્રીમાન મયંકભાઈ ઠાકોરલાલ મિસ્ત્રી ને પુષ્પગુચ્છ આપી સ્વાગત કરી અભિનંદન અપાયા અને શ્રી પંચોલી ભગીની સમાજ–મુંબઈના પ્રમુખ શ્રીમતી ડિમ્પલ મિસ્ત્રી દ્વારા આજરોજના અધ્યક્ષા શ્રીમતી વંદનાબેન મયંકભાઈ મિસ્ત્રીને પુષ્પગુચ્છ આપી સ્વાગત કરી અભિનંદન અપાયા. પ્રમુખ શ્રી રાહુલભાઈ મિસ્ત્રી દ્વારા સભાને સંબોધિત કરી પ્રવચન દર્શાવાયું અને સમાજને પ્રેરિત કરવામાં આવ્યા. મંત્રી શ્રી દ્વારા શ્રી પંચોલી ભગીની સમાજ–મુંબઈના મંત્રી શ્રીમતી ફોરમબેન ગાંધી ને મંચ ઉપર આમંત્રિત કરાયા અને શ્રીમતી ફોરમબેન ગાંધી દ્વારા આજરોજના અધ્યક્ષ અને અધ્યક્ષાનો પરિચય દર્શાવાયો.

પંચોલી નવયુગ શુભચિંતક શ્રીમતિ જ્યોત્સનાબેન અમૃતલાલ મિસ્ત્રી મુંબઈ સ્વ. મહેન્દ્રભાઈ ગાંડાભાઈ પંચોલી મુંબઈ

# શ્રી પંચોલી સેવા સમાજ – મુંબઈ

## શ્રી પંચોલી સેવા સમાજ – મુંબઈ (રામનવમી)

### તા. ૦૬–૦૪–૨૦૨૫

આજના રામનવમી યજ્ઞસમારોહ પ્રસંગે આપણા અધ્યક્ષ શ્રીમાન મયંક ઠાકોરલાલ મિસ્ત્રી કે જેઓ સમાજનાં મોભી ગણાતા માનનીય ઠાકોરલાલ દલપતરામ મિસ્ત્રી તેમજ કુસુમબેન ઠાકોરલાલ મિસ્ત્રી ને ત્યાં ૧૩ જુલાઈ ૧૯૬૪ના શુભ દિને જન્મયા. હાઈસ્કુલનું શિક્ષણ પ્રાપ્ત કરી ભવન્સ કોલેજ અંધેરીમાં કોલેજનું શિક્ષણ પ્રાપ્ત કર્યું.

મુંબઈની પ્રખ્યાત શાશમીરા કોલેજથી ડિપ્લોમા ઈન ટેક્સટાઈલની સફળતા સાથે ટેક્સટાઈલ મિલ ન્યુ વિનોદ (કાંદિવલી) ખાતે કાર્યરત રહ્યા. ૧૯૯૦ માં બોઈસર ખાતે સિયારામ્સ શુટિંગ કંપની ખાતે સેવા આપી. વર્ષ ૨૦૧૦માં ઈથિયોપીયા જઈ ત્યાંની કંપનીમાં આજસુધી કાર્યરત રહી, પોતાના શિક્ષણ, કર્તવ્ય પ્રત્યે ફરજ બજાવી. શ્રીમતી વંદનાબેન સાથે ગોરેગાંવમાં લગ્ન કરી શુભ–સફળ લગ્નજીવન આરંભ્યું. બે પુત્ર રત્ન, બે બહેનો અનિષાબેન તેમજ ભાવનાબેન બધાનું ધ્યાન રાખી પરિવાર સાચવ્યો. આ સાથે જ તેમના પરિવાર તરફથી હર હંમેશ સમાજ પ્રત્યે કર્તવ્યની લાગણી રાખીછે. અને હર હંમેશ દાનનો પ્રવાહ અવિરત રાખ્યો છે. બંને પુત્રોને CA ભણાવ્યા. તેમના પુત્ર નિશાંતભાઈ ના વિવાહ કરાવી ઘરે પુત્રી રત્ન યતિ ઘરને સ્વર્ગ બનાવી રહી છે. તેમજ ચિત્રાંગભાઈ આજના શુભપ્રસંગે અધ્યક્ષશ્રીનું સ્થાન સ્વીકાર્યું તે માટે કારોબારી સમિતિ અને સમાજ તેમનો ખૂબ જ આભાર વ્યક્ત કરે છે. આ સાથે જ સમાજ તેમના યોગદાન ખાતર માનનીય સ્વર્ગસ્થ શ્રી ઠાકોરલાલ દલપતરામ મિસ્ત્રીને યાદ કરે છે.

આજના શુભઅવસરે આપણા અધ્યક્ષા સ્થાને બિરાજમાન શ્રીમતી વંદનાબેન મયંકભાઈ મિસ્ત્રી કે જેઓ તા. ૧ ઓક્ટોબર ૧૯૬૯ ના રોજ સ્વર્ગસ્થ શ્રી પ્રમોદભાઈ ગોવિંદદાસ છીબાભાઈ મિસ્ત્રી તેમજ શ્રીમતી ઉષાબેન પ્રમોદભાઈ મિસ્ત્રીના ઘરે પ્રથમ સંતાન તરીકે જન્મયા. હર્યા–ભર્યા પરિવારમાં સંસ્કાર અને કેળવણી પ્રાપ્ત કરી શાળાકીય શિક્ષણ પૂર્ણ કર્યું. અંધેરી ખાતે ડિપ્લોમા ઈન બ્યુટીશીયન અને મહેંદી આર્ટિસ્ટની કેળવણી પ્રાપ્ત કરી. બ્યુટીશીયન તરીકે કાર્યરત રહ્યા. વર્ષ .... માં શ્રી મયંકભાઈ ઠાકોરલાલ મિસ્ત્રી સાથે લગ્નગ્રંથિથી જોડાયા. ખૂબ જ સફળતાપૂર્વક ઘર–પરિવાર સાચવી બંને બાળકોને ઉછેર્યો. ગાડીના બે પૈડા હોય તેમજ મયંકભાઈ સાથે તાલ–તાલથી મેળવી બંને બાળકોને ભણાવ્યા. બંને બાળકોને CA જેવી ઉચ્ચ પદવી પ્રાપ્ત કરાવવા તેમનો સિંહફાળો રહ્યો છે. પરિવારની બંને દિકરીઓ અનિષાબેન તેમજ ભાવનાબેન સાથે પડછાયાની જેમ ઉભા રહ્યા.

આજરોજ સુધી ખૂબ જ એક્ટીવ એવા વંદનાબેન બાળકો તેમજ પૌત્રીને સાચવી રહ્યા છે એવા વંદનાબેનનો આજના શુભપ્રસંગે અધ્યક્ષાપદ સ્વીકારવા બદલ પંચોલી સેવા સમાજ–ખૂબ જ આભાર વ્યક્ત કરે છે. સમાજની દરેક મહિલા બહેનોને એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂ પાડ્યું છે.

**ઉલ્લેખનીય:**

આજરોજનાં અધ્યક્ષ શ્રીમાન મયંકભાઈ ઠાકોરલાલ મિસ્ત્રી તરફથી શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈ અધ્યક્ષ સ્થાનથી રૂા. ૧૦,૦૦૧/– પ્રાપ્ત થયા તેમજ આજરોજનાં અધ્યક્ષા શ્રીમતી વંદનાબેન મયંકભાઈ મિસ્ત્રી તરફથી શ્રી પંચોલી ભગીની સમાજ મુંબઈને અધ્યક્ષ સ્થાનેથી રૂા.૨૦૦૧/– પ્રાપ્ત થયા જે માટે સમગ્ર શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈ તેઓના આવારી રહેશે.

અધ્યક્ષ શ્રીમાન મયંકભાઈ ઠાકોરલાલ મિસ્ત્રી દ્વારા આજરોજની સભાને સંબોધિત કરી આશીષ વચનો દર્શાવાય.

# શ્રી પંચોલી સેવા સમાજ – મુંબઈ

## વાર્ષિક સામાન્ય સભા

શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈ વર્ષ ૮૦–વાર્ષિક સામાન્ય સભા ૨૦૨૪–૨૫ની શરૂઆત મંત્રીશ્રી પરાગ નવીનચંદ્ર મિસ્ત્રી દ્વારા લગભગ ૨૫૦ સભ્યોની હાજરીમાં શરૂ કરવામાં આવી. જેમાં નીચે દર્શાવેલ એજન્ડા ઉપર ચર્ચા વિચારણા અને મંજૂરી દર્શાવવામાં આવી.

॥ એજન્ડા ૧ ॥

ગત વાર્ષિક સભા વર્ષ ૨૦૨૩–૨૪ની મીનીટ્સનું વાચન અને મંજૂરી જે માટે શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈના મંત્રી શ્રી પરાગભાઈ નવીનચંદ્ર મિસ્ત્રી દ્વારા ગત વાર્ષિક સામાન્ય સભાનું વાંચન કરવામાં આવ્યું અને સભામાં હાજર સભ્યોએ મિનીટ્સ ને શાંતિ પૂર્વક સાંભળી મંજૂરી દર્શાવી જેથી ગત વાર્ષિક સામાન્ય સભાની મિનીટ્સ પાસ જાહેર કરવામાં આવી.

॥ એજન્ડા ૨ ॥

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ અને જેની સંલગ્ન સંસ્થાઓ શ્રી પંચોલી ભગીની સમાજ – મુંબઈ યુવા મંચ આવિષ્કાર ગ્રુપ મુંબઈ અને લીલાવતી છગનલાલ મે. ફંડ–તમામ સંસ્થાઓના મર્જ કરેલા વર્ષ ૨૦૨૪–૨૫ માટે તા. ૧૫–૦૩–૨૦૨૫ સુધીના (અન ઓડીટિડ) આવક જાવક ના હિસાબ અને સરવૈયાની રજૂઆત અને મંજૂરી જે માટે શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ ના ખજાનચી શ્રી કુંતલભાઈ પ્રફુલભાઈ પંચોલી દ્વારા કરવામાં આવી. જેમાં શ્રી કુંતલભાઈએ વર્ષ દરમ્યાન થયેલ આવક–જાવક તથા વર્ષ દરમ્યાન કરાયેલ નવા નિવેશ વિશે જાણકારી અપાઈ અને સભાને ૧૦ મિનીટનો સમય ફાળવવામાં આવ્યો. ત્યારબાદ સભામાં હાજર સર્વે સભ્યોની મંજૂરી બાદ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ અને જેની સંલગ્ન સંસ્થાઓના વર્ષ ૨૦૨૪–૨૫ માટેના (અન ઓડીટિડ) હિસાબ પાસ જાહેર કરવામાં આવ્યો અને મંત્રી શ્રી દ્વારા હાજર તમામ સભ્યોનો આભાર વ્યક્ત કરાયો.

ઉપર દર્શાવેલ એજન્ડા નં.૨ મુજબ શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈ ની સુવર્ણધામ ખાતે જે ઓફિસ છે તે રીડેવલોપમેટમાં ગઈ હોવાથી તેનું એક વર્ષનું ભાડું ડેવલોપર તરફથી સમાજને પ્રાપ્ત થયું છે તો તેની એન્ટ્રી બુક્સ ઓફ એકાઉન્ટસમાં કેવી રીતે લેવામાં આવી છે તેની જાણ શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈ ના ઓડિટર શ્રી શૈલેષભાઈ હરીશભાઈ પંચોલી દ્વારા સામાન્ય સભાને કરવામાં આવી.

॥ એજન્ડા – ૩ ॥

સભામાં પ્રમુખ શ્રીની મંજૂરીથી રજૂ થાય તે, જેમાં મંત્રી શ્રી દ્વારા લીલાવતી મેમોરિયલ ફંડ કે જેમાં છેલ્લા ૨૩ વર્ષથી વિવિધ પ્રકારની સહાય મુંબઈ એવમ્ વિવિધ અન્ય એકમોનાં સભ્યોને આપવામાં આવતી હતી. જેમાં લીલાવતી છગનલાલ મેમોરિયલ ફંડના સંચાલકો અને ટ્રસ્ટી શ્રી નિલેશભાઈ રજનીકાંતભાઈ છગનલાલ પંચોલી દ્વારા પ્રાપ્ત થયેલ મંજૂરી મુજબ હવેથી લી.છ.મે. ફંડની સહાય ફક્ત મુંબઈ પૂરતી જ મર્યાદિત રહેશે અને જેમાં આગામી વર્ષમાં ૨૦૨૩–૨૪ અને વર્ષ ૨૦૨૪–૨૫ માટેની સહાય ભેગી આપવામાં આવશે જેની જાણ સામાન્ય સભાને કરવામાં આવી. ત્યારબાદ મંત્રીશ્રી દ્વારા શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ વર્ષ ૨૦૨૪–૨૫ ની કમીટીનાં પ્રસ્તાવના મુજબ વર્ષ ૨૦૨૫–૨૬થી દાંપત્ય જીવનનાં ૨૫ વર્ષ પૂર્ણ થયેલ યુગલોનું પણ બહુમાન થવું જોઈએ અને આ પ્રથા વર્ષ ૨૦૨૫ તા. ૦૧ એપ્રિલ ૨૦૨૫ થી લાગુ રહેશે જેની જાણ સામાન્ય સભાને કરવામાં આવી. ત્યારબાદ "**પંચોલી ચુંગાતર**" શ્રી ભરતભાઈ લલ્લુભાઈ મિસ્ત્રી દ્વારા સુચન કરવામાં આવ્યું કે, ૮૦ વર્ષ થી વધુ વય ધરાતા સભ્યોનુ શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈ દ્વારા બહુમાન કરવું જોઈએ. જેમાં મંત્રી શ્રી દ્વારા જણાવવામાં આવ્યું કે હવેની કમીટી તેના પર વિચાર કરીને નિર્ણય લેશે. ત્યારબાદ "**પંચોલી ચુંગાતર**" શ્રી ભરતભાઈ લલ્લુભાઈ મિસ્ત્રી દ્વારા સૂચન કરવામાં આવ્યું કે રામનવમી પ્રસંગે નવચંડી યજ્ઞમાં પહેલા એક સ્થાન સિનીયર સિટીઝન યુગલ માટે હતું તેમાં હવે હવે કોઈ બેસતુ નથી તો તેમણે કમીટીનું એ તરફ ધ્યાન દોર્યુ. જેમાં મંત્રી શ્રી દ્વારા જણાવવામાં આવ્યું કે રામનવમી પ્રસંગે નવચંડી યજ્ઞમાં બેસવા માટે અગાઉથી રજીસ્ટ્રેશન ના મેસેજ અને જાણ સમાજના દરેક સભ્યોને કરવામાં આવે છે. જેમાં જે તે યુગલોના નામ આવે છે તે પહેલા ત્રણ યુગલો હવનમાં બેસે છે અને તેમાં હવે કોઈ સિનીયર સિટીઝનનું નામ હવનમાં બેસવા માટે આવતું નથી. ત્યારબાદ શ્રી ફાગુનભાઈ કાંતીલાલભાઇ મિસ્ત્રી દ્વારા સભાને જણાવવામાં આવ્યું કે જે પણ કોઈ વ્યક્તિને શૈક્ષણિક સહાય જોઈતી હોય તો તેમણે શ્રી ફાગુનભાઈ નો પર્સનલ સંપર્ક કરવો.

પંચોલી નવયુગ શુભચિંતક સ્વ. કમળાબેન નગીનદાસ પંચોલી સુરત સ્વ. હસમુખભાઈ બાલુભાઈ ગજ્જર સુરત

॥ એજન્ડા ૪ ॥

વર્ષ ૨૦૨૫–૨૦૨૬ માટે નવા પ્રમુખ શ્રીની વરણી તથા જેઓ દ્વારા રચાયેલ નવી કાર્યવાહક સમિતી ની રચના, જેમાં મંત્રી શ્રી દ્વારા શ્રી પંચોલી ભગીની સમાજ–મુંબઈ ના મંત્રી શ્રીમતી ફોરમબેનને મંચ ઉપર આમંત્રિત કરાયા અને શ્રીમતી ફોરમબેન ગાંધી દ્વારા શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈ નાં પ્રમુખ શ્રી રાહુલભાઈ મિસ્ત્રી અને તેમની કમીટીએ છેલ્લાં લગભગ ૧૦ વર્ષ માં જે કાર્યો અને સમાજને પ્રગતિનાં પંથે આગળ દોર્યો તેનો પરિચય સામાન્ય સભા સમક્ષ દર્શાવવામાં આવ્યો. તેમજ તેમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો. ત્યારબાદ સભામાં ઉપસ્થિત સર્વે સભ્યો તેમજ મંચ ઉપર ઉપસ્થિત સર્વે મહાનુભવો દ્વારા શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈ ના પ્રમુખ શ્રી રાહુલભાઈ જીતેન્દ્રભાઈ મિસ્ત્રી, તેમની કમીટી અને શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈ ના મંત્રી શ્રી પરાગભાઈ નવીનચંદ્ર મિસ્ત્રીને સ્ટેંડીગ ઓવેસન આપી, પોતાના સ્થાને ઉભા રહીને તાળીઓના ગળગળાટથી માન આપવામાં આવ્યું અને આખું સભાખંડ તાળીઓના ગળગળાટથી દીપી ઉઠયું તેમજ આ સમય અને પળ સર્વે માટે યાદગાર અને ભાવુક રહ્યો.

ત્યારબાદ શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈ ના પ્રમુખ શ્રી રાહુલભાઈ જીતેન્દ્રભાઈ મિસ્ત્રી દ્વારા સભામાં ઉપસ્થિત સર્વે વ્યક્તિનો આભાર વ્યક્ત કરાયો અને વર્ષ ૨૦૨૫–૨૬ માટે શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈ ના પ્રમુખ શ્રી વિશાલભાઈ કમલભાઈ કાપડિયા રહેશે તેની જાણ કરવામાં આવી તેમજ તેમનું પુષ્પગુચ્છ આપીને સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ શ્રી વિશાલભાઈ કમલભાઈ કાપડિયા દ્વારા પ્રમુખ શ્રી રાહુલભાઈ જીતેન્દ્રભાઈ મિસ્ત્રી તેમજ મંત્રી શ્રી પરાગભાઈ નવીનચંદ્ર મિસ્ત્રીનો તેમની સમાજ તરફની સેવા બદલ આભાર વ્યક્ત્ત કરાયો. ત્યારબાદ વિશાલભાઈ કમલભાઈ કાપડિયા દ્વારા શ્રી પંચોલી ભગીની સમાજનાં પ્રમુખ ૨૦૨૫–૨૬ માટે શ્રીમતી ડિમ્પલબેન હિરલભાઈ મિસ્ત્રી રહેશે. યુવા મંચ આવિષ્કાર ગ્રુપ મુંબઈ વર્ષ ૨૦૨૫–૨૬ માટે શ્રી વૈભવભાઈ વિમલભાઈ મિસ્ત્રી રહેશે. શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈ વર્ષ ૨૦૨૫–૨૬ માટે ઉપપ્રમુખ શ્રી કમલભાઈ ઈશ્વરલાલ મિસ્ત્રી રહેશે. શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈ વર્ષ ૨૦૨૫–૨૬ માટે મંત્રી શ્રી મયુરભાઈ કમલભાઈ કાપડિયા રહેશે. શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈ વર્ષ ૨૦૨૫–૨૬ માટે ખજાનચી શ્રી નયનભાઈ નવીનભાઈ મિસ્ત્રી રહેશે. જેની જાણ સામાન્ય સભાને કરવામાં આવી.

ત્યારબાદ પંચોલી યુગાંતર શ્રી નવીનચંદ્ર લલ્લુભાઈ મિસ્ત્રી દ્વારા મંચ ઉપર આવીને સુચન આપવામાં આવ્યું કે પ્રમુખશ્રી રાહુલભાઈ મિસ્ત્રી તેમની કમીટીનું તેમજ મંત્રી શ્રી પરાગ ભાઈ નવીનચંદ્ર મિસ્ત્રીનું તેમના સમાજ તરફના અતુલ્ય કાર્યો અને સેવાઓ બદલ શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈ દ્વારા તેમનું બહુમાન થવું જોઈએ ત્યારબાદ પંચોલી યુગાંતર શ્રી ભરતભાઈ લલ્લુભાઈ મિસ્ત્રી, પંચોલી યુગાંતર શ્રી ડૉ. ભુપેન્દ્રભાઈ ચુનીલાલ પંચોલી દ્વારા મંચ ઉપર આવીને પ્રમુખશ્રી રાહુલભાઈ મિસ્ત્રી તેમની કમીટી, મંત્રી શ્રી પરાગભાઈ મિસ્ત્રી નો તેમની સમાજ તરફની સેવા બદલ આભાર વ્યક્ત કર્યો અને શ્રી વિશાલભાઈ કમલભાઈ કાપડીયા તેમજ તેમની નવી કમીટીને પ્રેરણા આપી આશીષ–વચનો આપવામાં આવ્યા.

ત્યારબાદ અંતમાં મંત્રી શ્રી પરાગભાઈ નવીનચંદ્ર મિસ્ત્રી દ્વારા આજરોજના નવચંડી હવનમાં બિરાજમાન તમામ યજમાનો અને તેમના પરિવાર આજરોજ ના અધ્યક્ષાના તેમજ વાર્ષિક વર્ષ ૨૦૨૪–૨૫ ની વાર્ષિક સામાન્ય સભામાં પોતાનો અમુલ્ય સમળ જાળવી પ્રત્યક્ષરૂપે સમયસર સભામાં હાજરી આપવા બદલ તેમજ આશીર્વાદ દર્શાવેલ તમામ એજન્ડાને માન્યતા થતા મંજુરી દર્શાવ્યા બદલ સમગ્ર જ્ઞાતિજનોનો આભાર વ્યક્ત કર્યો. અને શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈ વર્ષ ૨૦૨૪–૨૫ ની વાર્ષિક સામાન્ય સભા સમગ્ર મુંબઈ વર્ષ ૨૦૨૪–૨૫ ની વાર્ષિક સામાન્ય સભા બરખાસ્ત જાહેર કરવામાં આવી. ત્યારબાદ નવચંડી હવનની પુર્ણાહુતી કરવામાં આવી અને માતાજીની આરતી–થાળ બાદ પ્રસાદ વહેંચાયો.

**ઉલ્લેખનીય :**

આજરોજના નવચંડી યજ્ઞોત્સવ અને વાર્ષિક સામાન્ય સભા પ્રસંગે સભામાં ઉપસ્થિત તમામ સભ્યોએ સ્પેસ પાઈનેપલ ડ્રીંક્સની મઝા માણી અને અંતમાં સ્વાદીષ્ટ ભોજન સ્વરૂપે રસ, પુરી, ફુલકા રોટી, પનીર લબાબદાર, વેજ કોલ્હાપુરી, સફેદ ઢોકળા, ચીઝ લીબીયો, પીસ પુલાવ, કઢી અને રોસ્ટેડ આલ્મંડ આઈસક્રીમ વગેરે સ્વાદીષ્ટ સુમધુરનો સંતોષ અને આનંદ માણી પ્રફુલ્લીત થઈ હર્ષ, આનંદ અને ઉલ્લાસથી છૂટા પડ્યા.

આજરોજ ના પ્રસંગે મળેલ તમામ ભેટની યાદી નીચે પ્રમાણે દર્શાવેલ છે જેની નોંધ લેશો.

# Ram Navami - Navchandi Yagna-2024-25-6th April 2025-Bhet Details

| Date | Receipt No | Name of Donor | Remark | Amount | Cash/ Cheque/Gpay |
|---|---|---|---|---|---|
| 06.04.2025 | 1418 | Mr.Parag Navinchandra Lallubhai Mistry (Mumbai) | Ram-navmi Prasange Bhet | 1,111 | Cash |
| 06.04.2025 | 1419 | Mrs.Pallaviben Deepak Pancholi (Mumbai) | Annya Prasange Bhet | 500 | Cash |
| 06.04.2025 | 1420 | Mrs. Ushaben NareshBhai Mistry (Goregaon) | Ram-navmi Prasange Bhet | 522 | Cash |
| 06.04.2025 | 1421 | Mr.Shaileshbhai H Mistry | Ram-navmi Prasange Bhet | 525 | Cash |
| 06.04.2025 | 1422 | Mrs.Jignasha Minesh Niranjana Suresh Mistry(Andheri) | Annya Prasange Bhet (Daughter BA Pass) | 500 | Cash |
| 06.04.2025 | 1423 | Mr. Minesh Niranjana Suresh Mistry (Andheri) | Annya Prasange Bhet (For New Home) | 500 | Cash |
| 06.04.2025 | 1424 | Mr. Hiral Niranjana Suresh Mistry (Andheri) | Annya Prasange Bhet (For New Home) | 500 | Cash |
| 06.04.2025 | 1425 | Mr.Indravadan rameshchandra Mistry (Kandivali) | Ram-navmi Prasange Bhet | 501 | Cash |
| 06.04.2025 | 1426 | Mr.Fagun kantilal Pancholi (Mumbai) | Annya Prasange Bhet (Daughter Dr./US Further Digree Course) | 11,000 | Cash |
| 06.04.2025 | 1427 | Mr. Naresh B Mistry (Goregaon) | Annya Prasange Bhet (Price Dis. Std 2nd) | 400 | Cash |
| 06.04.2025 | 1427 | Mr.Naresh B Mistry (Goregaon) | Annya Prasange Bhet (Price Dis. Std 2nd) | 999 | Cheque |
| 06.04.2025 | 1428 | Mrs.Madhuben Jagdishbhai G. Mistry (Mira Road) | Annya Prasangik Bhet Complited 50 yrs. Of Marriage | 3,001 | Cash |
| 06.04.2025 | 1429 | Nari ratna Smt Hasumatiben D. Mistry (Andheri) | Ram-navmi Prasange Bhet | 500 | Cash |
| 06.04.2025 | 1430 | Mrs.Mishika Pritesh N. Mistry (Kandivali) | Ram-navmi Prasange Bhet | 500 | Cash |
| 06.04.2025 | 1431 | Mrs.Sonal Manoj Pancholi - Ankleshwar | Ram-navmi Prasange Guest Fees | 501 | Cash |
| 06.04.2025 | 1432 | Mr.Pritesh Praveenchandra Jarivala (Kandivail) | Ram-navmi Prasange Guest Fees | 500 | G Pay |
| 06.04.2025 | 1433 | Mr.Kaushik Praveenchandra Mistry (Navsari) | Ram-navmi Prasange Guest Fees | 500 | Cash |
| 06.04.2025 | 1434 | Mrs.Sweety Kiran Mistry (Thane) | Ram-navmi Prasange Guest Fees | 500 | G Pay |
| 06.04.2025 | 1435 | Mr.Rajendrabhai Jaikishandas Mistry (Surat) | Ram-navmi Prasange Bhet | 1,000 | Cash |
| 06.04.2025 | 1436 | Mr. Vishal kamal kapadia- (Mira road) | Ram-navmi Prasange Bhet | 5,001 | G Pay |
| 06.04.2025 | 1437 | Shri Mayank Thakorlal Dalpatram Mistry (Goregaon) | Ram-navmi Prasange Bhet - Adhyaksha Sthane | 10,001 | G Pay |
| 06.04.2025 | 1438 | Smt Vandana Mayank Thakorlal Mistry (Goregaon) | Ram-navmi Prasange Bhet - Adhyaksha Sthane | 5,001 | G Pay |
| 06.04.2025 | 1439 | Mr. Nishant Mayank Thakorlal Mistry (Goregaon) | Daughter Birth Present | 5,001 | G Pay |
| 06.04.2025 | 1440 | Mr. Hemil Maheshbhai Mistry (Wadala) | Nutan Grah Pravesh Bhet | 3,501 | G Pay |
| | | | **Total (Rs)** | **52,565** | |

# શ્રી પંચોલી સેવા સમાજ – અંક્લેશ્વર
# બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ

**તારીખ : ૧૨/૦૪/૨૦૨૫ (શનિવાર) - સમય : સાંજે ૮.૩૦ થી ૧૧.૦૦ કલાક**
**સ્થળ : સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ જી.આઈ.ડી.સી. અંકલેશ્વર**

શ્રી પંચોલી સેવા સમાજ અંક્લેશ્વર દ્વારા તારીખ ૧૨–૦૪–૨૦૨૫, શનિવાર ના રોજ, સ્પોર્ટ્સ કોમ્પલેક્સ જી.આઈ.ડી.સી. અંકલેશ્વર ખાતે સાંજે ૮.૩૦ કલાકે, બોક્સ ક્રિકેટ ટુર્નામેંટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અંકલેશ્વર એકમના સહુ સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વરના પ્રમુખ, શ્રી અજયભાઈ પંચોલી એ દરેક જ્ઞાતિજનોનું કાર્યક્રમમાં સ્વાગત કર્યું હતું અને ક્રિકેટ ટુર્નામેંટ સ્પોન્સરનો આભાર વ્યક્ત કર્યો હતો.

**ક્રિકેટ ટુર્નામેંટ ના સ્પોન્સર:**

❖ ક્રિકેટ ગ્રાઉંડ સ્પોન્સર : શ્રી પારસભાઈ મનુભાઈ મિસ્ત્રી
❖ ટ્રોફી સ્પોન્સર : શ્રી ચંદુભાઈ એચ. પંચોલી
❖ કોલ્ડડ્રિંક્સ સ્પોન્સર : ડૉ. વિસ્મયભાઈ મહેશભાઈ મિસ્ત્રી
❖ નાસ્તા સ્પોન્સર : શ્રી દિપેશભાઈ રાજનભાઈ પંચોલી તથા
શ્રી ચેતનભાઈ રમણભાઈ પંચોલી

ક્રિકેટ ટુર્નામેન્ટ માં ૨૫ પુરૂષો, ૧૨ મહિલાઓ અને ૪ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં પુરૂષોની ૪ ટીમ તથા મહિલાઓ અને બાળકોની ૨ ટીમ બનાવવામાં આવી હતી. દરેક ટુર્નામેન્ટ ૮ ઓવરની રમાડવામાં આવી હતી.

## પુરૂષ ક્રિકેટ ટીમ:

| ટીમ A (Black) | ટીમ B (White) | ટીમ C (Blue) | ટીમ D (Yellow) |
|---|---|---|---|
| અજય સી. પંચોલી (C) | વિસ્મય એમ. મિસ્ત્રી (C) | દિપેશ આર. પંચોલી (C) | અખિલ એન. મહેતા (C) |
| હેનિલ આર. પંચોલી (VC) | અક્ષત એમ. મિસ્ત્રી (VC) | પ્રશાંત સી. પંચોલી (VC) | શુભમ પી. પંચોલી (VC) |
| જીત એન. મિસ્ત્રી | કૃણાલ આર. પંચોલી | ચિંતન એસ. પંચોલી | નિમેષ સી. મિસ્ત્રી |
| દેવ જી. પંચોલી | જય એમ. પંચોલી | ચેતન આર. પંચોલી | તસ્મય પી. મિસ્ત્રી |
| હર્ષલ પી. પંચોલી | જેસલ એમ. પંચોલી | પરેશ એ. મિસ્ત્રી | સંજય એ. પંચોલી |
| ઉત્સવ પી. મિસ્ત્રી | પ્રયાગ પી. મિસ્ત્રી | મનોજ મિસ્ત્રી | હેમલ એસ. પંચોલી |
| પ્રજેશ જી. પંચોલી | ધાયન વી. મિસ્ત્રી | જય સી. પંચોલી | માનવ એ. મહેતા |

## મહિલા ક્રિકેટ ટીમ:

| ટીમ A (Pink) | | ટીમ B (Blue) | |
|---|---|---|---|
| સોનલ એમ. પંચોલી (C) | નિષ્ઠા જે. મિસ્ત્રી | અમીષા એ. પંચોલી (C) | દિશા એ. પંચોલી |
| ખુશ્બુ વી. મિસ્ત્રી (VC) | કેતકી જે. મિસ્ત્રી | કોમલ એચ. પંચોલી (VC) | વૈષ્ણવી ડી. પંચોલી |
| હિરલ એ. મહેતા | ધ્યાન વી. મિસ્ત્રી | હંશા પી. મિસ્ત્રી | જય સી. પંચોલી |
| અમિતા પી. પંચોલી | માનવ એ. મહેતા | ઉમિષા સી. પંચોલી | ઋષિ એસ. પંચોલી |

પ્રથમ મેચ પુરૂષોની **ટીમ B (White)** અને **ટીમ D (Yellow)** વચ્ચે રમાય હતી, જેમાં **ટીમ B (White)** એ ટોસ જીતી પ્રથમ દાવ લીધો હતો અને ૭ ઓવરમાં ૪૦ રન બનાવી ઓલ આઉટ થયા હતા. જેને **ટીમ D (Yellow)** એ ૫ ઓવરમાં ૧ વિકેટ ગુમાવી ૪૧ રન બનાવી જીત હાસલ કરી હતી.

બીજી મેચ પુરૂષોની **ટીમ A (Black)** અને **ટીમ C (Blue)** વચ્ચે રમાય હતી, જેમાં **ટીમ C (Blue)** એ ટોસ જીતી પ્રથમ ફિલ્ડિંગ લીધી હતી. **ટીમ A (Black)** એ ૮ ઓવરમાં ૩ વિકેટ ગુમાવી ૭૩ રન બનાવ્યા હતા. જેને **ટીમ C (Blue)** ૬ ઓવરમાં ૫૨ રન બનાવી ઓલ આઉટ થયા હતા અને **ટીમ A (Black)** એ ૨૧ રનથી વિજેતા થયા હતા.

ત્રીજી મેચ મહિલાઓની **ટીમ A (Pink)** અને **ટીમ B (Blue)** વચ્ચે રમાય હતી, જેમાં **ટીમ A (Pink)** એ ટોસ જીતી પ્રથમ દાવ લીધો હતો અને ૮ ઓવરમાં ૪ વિકેટ ગુમાવી ૩૪ રન બનાવ્યા હતા, જેને એ ૪ ઓવરમાં ૧ વિકેટ ગુમાવી ૩૫ રન બનાવી જીત હાસલ કરી હતી.

ચોથી મેચ પુરૂષોની પ્રથમ અને બીજી મેચની વિજેતા ટીમો અને વચ્ચે રમાય હતી, જેમાં એ ટોસ જીતી પ્રથમ ફિલ્ડિંગ લીધી હતી. એ ૮ ઓવરમાં ૪ વિકેટ ગુમાવી ૪૫ રન બનાવ્યા હતા, જેને એ ૬ ઓવરમાં ૩ વિકેટ ગુમાવી ૪૬ રન બનાવી જીત હાસલ કરી હતી.

મહિલાઓની વિજેતા **ટીમ B (Blue)** ને ડૉ. શ્રી મહેશભાઈ એમ. મિસ્ત્રી દ્વારા ટ્રોફી આપવામાં આવી તથા પુરૂષોની વિજેતા **ટીમ D (Yellow)** ને શ્રી ચંદુબાઈ એચ. પંચોલી દ્વારા ટ્રોફી આપવામાં આવી. દરેક રમનાર ટીમની આશ્વાસન તરીકે ટ્રોફી આપવામાં આવી.

**કાર્યક્રમને પ્રોત્સાહન રૂપે જ્ઞાતિજનો તરફથી દાન મળ્યું હતું**

૧. રૂા. ૧૫૦૦/– શ્રી પારસભાઈ મિસ્ત્રી (ક્રિકેટ ગ્રાઉંડ સ્પોન્સર)
૨. રૂા. ૧૦૦૦/– શ્રી ચંદુભાઈ એચ. પંચોલી (ટ્રોફી સ્પોન્સર)
૩. રૂા. ૧૦૦૦/– ડૉ. વિસ્મયભાઈ મહેશભાઈ મિસ્ત્રી (કોલ્ડડ્રિંક્સ સ્પોન્સર)
૪. રૂા. ૫૦૦/– શ્રી દિપેશભાઈ રાજનભાઈ પંચોલી (નાસ્તા સ્પોન્સર)
૫. રૂા. ૫૦૦/– શ્રી ચેતનભાઈ રમણભાઈ પંચોલી (નાસ્તા સ્પોન્સર)
૬. રૂા. ૨૫૦/– શ્રીમતી હિરલબેન અખિલભાઈ મહેતા
૭. રૂા. ૨૦૦/– શ્રીમતી સોનલબેન મનોજકુમાર મિસ્ત્રી
૮. રૂા. ૨૦૦/– ગં.સ્વ. મીનાબેન છગનલાલ મિસ્ત્રી

અંતમાં સૌ જ્ઞાતિજનોનો કાર્યક્રમમાં ભાગ લેવા બદલ આભાર વ્યક્ત કર્યો અને સૌ સ્વાદિષ્ટ નાસ્તા અને કોલ્ડડ્રિંક્સની મજા માણી છૂટા પડયા હતા.

# અંકલેશ્વર મહિલા મંડળ

તારીખ ૧૯–૪–૨૦૨૫ ના રોજ અંકલેશ્વર મહિલા મંડળની મીટિંગ પ્રોજેક્ટ અનુસાર જી.આઈ.ડી.સી. માં આવેલ અટલ બિહારી ગાર્ડનમાં રાખવામાં આવી હતી. મીટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ ગત મીટિંગનો અહેવાલ મંત્રી ખુશ્બુબેન મિસ્ત્રી એ વાંચીને મીટિંગની શરૂઆત કરી. ખજાનચી જાગૃતિબેને બર્થ ડે ની ઉજવણી કરી મહિલાઓને બર્થ ડે ની ભેટ આપી.

ત્યારબાદ પ્રોજેક્ટ અનુસાર વિવિધ રમતોની સ્પર્ધા રાખવામાં આવી. તેમાં સૌ બહેનોએ ખુબ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. રમતોમાં સૌ મહિલાઓ ઉભી ખો, બેઠી ખો, ફેરફૂદરડી, અંતાક્ષરી વગેરે રમતો રમ્યાં. મહિલાઓ સાથે બાળકોએ પણ ખૂબ આનંદ કર્યો. બાળકોએ ક્રિકેટ, ફૂટબોલ, ફૂલ રેકેટ તથા બધા જ બાળકોએ હાઉઝી નો પણ આનંદ માણ્યો. હાઉઝી ગેમમાં પૈસાની જગ્યાએ ગીફ્ટ આપવામાં આવી.

હાઉઝી માં પહેલી લાઈન બીજી લાઈન એમ બે લાઈન અને ફૂલ હાઉઝી રમીને હાઉઝીમાં પહેલી લાઈનમાં દક્ષાબેન મિસ્ત્રીનો નંબર તથા બીજી લાઇનમાં જાગૃતિબેન (ગોપાલભાઈ) પંચોલીનો નંબર આવ્યો. ત્યારબાદ બે ફૂલ હાઉઝી રમાડવામાં આવી તેમાં પહેલી ફૂલ હાઉઝીમાં સોનલબેન પંચોલી નો નંબર આવ્યો.

ત્યારબાદ પ્રોજેક્ટ અનુસાર ગાર્ડનમાં ડબ્બા પાર્ટી કરવામાં આવી. સૌ બહેનો ખુબ ઉત્સાહ પૂર્વક વિવિધ વાનગીઓ બનાવી લાવેલા સૌ હળીમળી એકબીજાનો નાસ્તો આનંદ થી કર્યો. સોનલબેન પંચોલી અને ખુશ્બુબેન મિસ્ત્રી તરફથી સૌ બાળકોને ચોકોપાઈ કેક આપવામાં આવી. સૌ બહેનોએ નાસ્તા અને કોલ્ડ્રીંગને ન્યાય આપી છૂટા પડયાં.

# શ્રી પંચોલી સેવા સમાજ – મુંબઈ

## ઈનામ વિતરણ અને રામનવમી













# શ્રી પંચોલી સેવા સમાજ, અંક્લેશ્વર – બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ

**મહિલા વિજેતા ટીમ**
B (Blue)





**પુરૂષ વિજેતા ટીમ**
D (Yellow)

**મહિલા ટીમ**
A (Pink)





**પુરૂષ ટીમ**
C (Blue)

**પુરૂષ ટીમ**
B (White)





**પુરૂષ ટીમ**
A (Black)

પંચોલી નવયુગ શુભચિંતક    સ્વ. પરમાનંદ રામજીભાઈ પંચોલી    મુંબઈ    સ્વ. આત્મારામ ગોપાળજી મિસ્ત્રી    મુંબઈ

અભિનંદન... અભિનંદન... અભિનંદન...

Congratulations



Congratulations

**Dr. Jay Daxay Gajjar**

(MD PEDIATRICS)

**ઈશ્વર કૃપા અને વડીલોના આશીર્વાદથી *MD PEDIATRICS* નો અભ્યાસ પૂર્ણ કરવા બદલ ખુબ ખુબ અભિનંદન. આ રીતે ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરતા રહો એવી હાર્દિક શુભેચ્છાઓ.**

સ્વ. શાંતિલાલ જમનાદાસ ગજ્જર
પ્રફુલકુમાર શાંતિલાલ ગજ્જર
દક્ષય પ્રફુલકુમાર ગજ્જર
મયુર પ્રફુલકુમાર ગજ્જર
ડૉ. ઝલક મયુર ગજ્જર

સ્વ. મહિન્દ્રાબેન શાંતિલાલ ગજ્જર
પ્રમિલાબેન પ્રફુલકુમાર ગજ્જર
સંગીતા દક્ષય ગજ્જર
કામિની મયુર ગજ્જર
અર્થકુમાર મિતેશભાઈ જરીવાલા

૧૫, ભવન્સ રેસીડેન્સી, કલ્યાણ જ્વેલર્સની પાસે, એલ.પી. સવાણી રોડ, અડાજણ, સુરત.
Mo. 982 413 7878

# BIO DATA



**NAME** : **Manan**
Father's Name : Ashwinkumar C. Pancholi
Mohter's Name : Naynaben A. Pancholi
Sibling : Sister (Married)
Birth Date : 20th Aug. 2001
Birth Place : Vadodara, Gujarat.
Religion : Hindu
Cast : Pancholi
Height : (5'. 5")
Weight : 55 Kgs
Education : B. Tech - Mechanical, M. Tech - Australia
Job :
Address : 14/A, Tirth Tenaments, Godhra Road - Halol.
Contact No. : 9376121345

# BIO DATA



*Pancholi Jay M.*

**PERSONALE DETAILS :**

**Name** : **Pancholi Jay Madhusudan**
Date of Birth : 19 October 1999
Time of Birth : 4:32 PM
Place of Birth : Vadodara
Rashi Makara : Capricorn
Height : 5' 9"
Education : B.com
Job/Occupation : Bajaj Finance Collection Manager

**FAMILY DETAILS:**

Father's Name : Pancholi Madhusudan Shantilal
Father's Occupation : Job
Mother Name : Pancholi Nisha Madhusudan
Mother's Occupation : House wife
Native : Tejgadh Opp. SBI Bank, Ta. Chhotaudepur

**CONTACT DETAILS**

Contact Number:
9909633686
Address:
Live in Vadodara

# મહિલા મંડળ સુરત

શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ દ્વારા, સંજીવકુમાર ઓડિટોરિયમમાં વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ અને સુરત ના સભ્યોને સાયબર સિક્યુરીટી અવેરનેસ અંગેના કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. જેમાં મહિલા મંડળ સુરત દ્વારા રાધા કૃષ્ણ નૃત્ય રજુ કરવામાં આવ્યું હતું.






# પંચોલી સમાજ ભવન, વડોદરા – ખાતમુહૂર્ત









પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી મોહનભાઈ ભગવાનજી પચોલી | મુંબઈ | શ્રી કિશોરભાઈ જમનાદાસ મિસ્ત્રી | મુંબઈ

# પંચોલી સમાજ ભવનનો ખાતમુહુર્ત અને પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ વડોદરાની વર્ષ ૨૦૨૩-૨૪ ની વાર્ષિક સભાનો અહેવાલ

**सर्वमन्यं परित्यज्य शरीरमनुपालयेत् । तदभावे हि भावानां सर्वाभावः शरीरिणाम् ।।**
**सर्वेऽ सुखिनः सन्तु सर्वे सन्तु निरामायाः ।**

વિક્રમ સંવત ૨૦૮૧ના વૈશાખ સુદ ચૌદસને રવિવાર તા. ૧૧–૦૫–૨૦૨૫ ના રોજ શુભ મુહૂર્તમાં પંચોલી સમાજ ભવનના પાયાના કાર્યકરો શ્રી રમેશભાઈ પંચોલી, શ્રી ચંદ્રકાંત પંચોલી અને શ્રી અશ્વિનભાઈ પંચોલીના શુભ હસ્તે મંત્રોચ્ચાર વિધિ દ્વારા પંચોલી સમાજ ભવનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

ત્યારબાદ પંચોલી સમાજ ભવનના પ્લોટ પર પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ, વડોદરાની વર્ષ ૨૦૨૩–૨૪ની સામાન્ય સભા શ્રી અશ્વિનભાઈ શાંતિલાલ પંચોલીના અધ્યક્ષ પદ હેઠળ શરૂ કરવામાં આવી. મંત્રીશ્રી હરીશભાઈ પંચોલીએ સભાની શરૂઆત પંચોલી સમાજ, વડોદરાના સભ્યો અને અન્ય એકમમાંથી પધારેલ પ્રમુખ અને મંત્રીશ્રીના આવકાર સાથે કરવામાં આવી.

શ્રી દેવાંગભાઈએ ગણેશવંદના અને પ્રાર્થનાથી આધ્યત્મિક વાતાવરણ ઊભુ કર્યું. ગત વર્ષ દરમ્યાન સમાજના દિવંગત પામેલ વ્યક્તિઓ અને પહેલગામમાં આતંકીઓ દ્વારા કરવામાં આવેલ હુમલામાં મૃત્યુ પામેલ ૨૬ વ્યક્તિઓના આત્માને શ્રદ્ધાંજલિ અર્પણ કરી એક મિનિટનું મૌન પાળવામાં આવ્યું. પ્રમુખશ્રી અશ્વિનભાઈએ પંચોલી સમાજ વડોદરાના સૌ સભ્યો અને એકમોમાંથી પધારેલ પ્રમુખ અને મંત્રીશ્રીઓને આવકાર્યા હતા.

શ્રી અશ્વિનભાઈએ જણાવ્યું હતું કે તા. ૦૨–૦૧–૨૦૨૧ ના દિવસે આજ પ્લોટ પર પંચોલી સમાજ, વડોદરાની સ્થાપનાને ૨૫ વર્ષ થયા તે નિમિત્તે સિલ્વર જ્યુબીલીની ઉજવણી કરવામાં આવી હતી. તે વખતે તેઓશ્રી, મંત્રીશ્રી દેવાંગભાઈ અને શ્રી પંચોલી સમાજ, વડોદરાની ૧૦મી કારોબારીએ ખૂબ જ મહેનત કરી હતી અને તે સમયે ૫૦૦થી વધુ સમાજના સભ્યોએ હાજરી આપી હતી. તે કાર્યક્રમ દરમિયાન પરિવાર દર્પણ અંકનું વીમોચન કર્યું હતું. તેમણે જણાવ્યું કે સમાજ ભવનનું ખાતમુહૂર્ત તો થઈ ગયેલ છે, પરંતુ ખરો તબક્કો જે બાંધકામનો છે તે હવે આવવાનો છે જે માટે સૌ સભ્યોને ભામાશા બનીને જીવનમાં એક વખત શુભ કાર્ય માટે દાન આપવા માટે અપીલ કરી હતી.

મંત્રી શ્રી હરીશભાઇએ પંચોલી સમાજ ભવન માટેની શુભ શરૂઆતથી અત્યાર સુધીની તારીખવાર માહિતી આપી. વર્ષ ૨૦૧૮ માં રચાયેલ કારોબારી દરમ્યાન કોઈ પણ કામ ન થવા બાબત તેમણે જણાવ્યું હતું કે નગર રચના અધિકારી દ્વારા પંચોલી સેવા સમાજ ભવનના પ્લોટની વચ્ચેથી ૯ મીટરનો રસ્તો પાસ કરવામાં આવ્યો હતો, જેનાથી કોઈપણ સંજોગોમાં ભવન બની શકે તેમ ના હતું. આ માટે નગર રચના અધિકારીશ્રીને વાંધા અરજી આપવામાં આવી હતી અને નગર રચના અધિકારી શ્રી મુકેશભાઈ ડાભી અને શ્રી બી. એમ. પટેલ સાથે વારંવાર મુલાકાત કરવામાં આવી હતી. એ છતાં પણ કામ ન થતાં તા. ૨૮–૦૯–૨૦૨૨ના રોજ મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાને પંચોલી સમાજનો અભિવાદન સમારોહ રાખવામાં આવ્યો હતો તે સમયે મુખ્યમંત્રીશ્રી લેખિતમાં અને રૂબરૂમાં રજૂઆત કરવામાં આવી હતી. જેના જવાબમાં તા. ૩૦–૦૯–૨૦૨૨ ના રોજ મુખ્યમંત્રીશ્રીનો જવાબ આવ્યો હતો અને સમાજને દસ્તાવેજ મુજબ જ પ્લાન કરવામાં આવેલ હતો. ત્યારબાદ પ્લાન પાસિંગ, ફાયર એન.ઓ.સી. અને રજા ચિઠ્ઠી માટે સમય લાગ્યો હતો. હાલ બાંધકામની ગણતરી કરતા ફાઉન્ડેશન + ગ્રાઉન્ડ ફ્લોર સ્લેબ + ફર્સ્ટ ફ્લોર સ્લેબ અને સ્ટેર કેસ કેબીનનો કુલ અંદાજિત ખર્ચ રૂા. ૧,૨૬,૦૦, ૦૦૦ (એક કરોડ છવ્વીસ લાખ) જેટલો અંદાજવામાં આવ્યો હતો. પંચોલી સમાજ ભવનનો હોલ એર–કન્ડિશન બનશે તેમ જણાવવામાં આવ્યું હતું.

તેઓશ્રી દ્વારા પ્લોટની સાફ–સફાઈ માટે કરવામાં આવેલ કામગીરી બદલ શ્રી ધર્મેશભાઈનો ખાસ આભાર માનવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૪ દરમ્યાન મળેલ દાનઃ

**૧). શ્રી અશ્વિનભાઈ શાંતિલાલ પંચોલી - રૂા. ૭૫,૦૦૦/- , ૨). સ્વ. શ્રી ભોગીલાલ મૂળજીભાઈ પંચોલી - રૂા. ૫૧,૦૦૦/-, ૩). સ્વ. શ્રી નરેન્દ્રભાઈ કાળીદાસભાઈ પંચોલી, હસ્તે પ્રવીણભાઈ - રૂા. ૧,૧૧,૧૧૧/-** અને લેસ્ટરના **શ્રીમતી પદ્માબેન ચીમનલાલ પંચોલી** તરફથી મળેલ **૩૦૦ પાઉન્ડ**ના દાનની વિગત આપી હતી. **શ્રીમતી પદ્માબેન ચીમનલાલ**

**પંચોલી** તરફથી દર વર્ષે **૧૦૦ પાઉન્ડ**નું દાન મળે છે જે અત્યાર સુધી રૂપિયામાં **રૂા. ૧,૬૬,૦૦૧**/- થયેલ છે.

પંચોલી સમાજ ભવનનો ટીપી સ્કીમનો વધારે પડતો ઈન્ક્રીમેન્ટલ ચાર્જ **રૂા. ૭,૫૦,૦૦૦**/- ગણતા **શ્રી સંજીવભાઈ** એ તેમના વચન મુજબ **રૂા. ૫,૦૦,૦૦૦**/- ના દાનની જાહેરાત કરી હતી, જેને સામાન્ય સભાએ તાળીઓના ગડગડાટથી વધાવી હતી. પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ, વડોદરાની વર્ષ ૨૦૨૨–૨૩ની સામાન્ય સભાના અહેવાલનું વાંચન કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક ઉદ્‌બોધન દરમ્યાન ઉપપ્રમુખ શ્રી સંજીવભાઈએ જણાવ્યું હતું કે જ્યારે જમીન લેવાની હતી ત્યારે પણ તેઓએ **રૂા. ૧,૦૦,૦૦૦**/- નું દાન આપ્યું હતું અને હવે ભવનનું બાંધકામ થવા જઈ રહ્યું જઈ રહ્યું છે ત્યારે તેમણે **રૂા.૫,૦૦,૦૦૦**/- નું દાન આપીને વચન પૂરૂ કરવાનો પ્રયત્ન કરેલ છે.

તેઓશ્રીએ જમીન બાબતે વિગત આપી હતી અને જણાવ્યું હતું કે જમીન નક્કી થઈ ગયા બાદ પણ પેમેન્ટ ન થતા ભાગીદારોએ સોદો રદ કરવાનું જણાવ્યું હતું, ત્યારે શ્રી સંજીવભાઈએ જણાવ્યું કે જેટલું પેમેન્ટ થયું છે તેટલાનો સોદો કરવામાં આવે અને એટલી જમીનનો બાનાખત કરવામાં આવે જેથી ૧૦,૦૦૦ સ્કવેર ફીટને બદલે ૭,૫૦૦ સ્કવેર ફીટ જમીન પંચોલી સમાજ ભવન માટે ફાળવવામાં આવી.

તેઓશ્રીએ જણાવ્યું હતું કે હાલ જે પ્લાનિંગ કરવામાં આવ્યું છે તેમાં એક સ્લેબ અધૂરો રહે છે. જે નકશો મંજૂર થયો છે તેમાં હજુ એક ફ્લોર વધારે છે. ફાઉન્ડેશન ગ્રાઉન્ડ + થ્રી ફ્લોર થાય તે મુજબ કરવામાં આવશે. ફાઉન્ડેશનનો ખર્ચ **રૂા. ૨૨,૦૦,૦૦૦**/- **(બાવીસ લાખ)** ને બદલે **રૂા. ૫૦,૦૦,૦૦૦** /- **(પચાસ લાખ)** થાય તે મુજબ દોઢ કરોડ રૂપિયાનું પ્લાનિંગ કરવાનું થાય. હાલમાં પાઈલીંગ કરીને કંપાઉન્ડવોલ બનાવવામાં આવશે. આ નિમિત્તે તેઓશ્રીને બાંધકામ કમિટીના સભ્યો શ્રી દેવાંગભાઈ, શ્રી ધર્મેશભાઈ, શ્રી ગૌરાંગભાઈ અને શ્રી વિકાસભાઈ ને પણ બિરદાવ્યા હતા. પંચોલી સમાજ વડોદરાના ૪૦૦ મોભીઓ પાસેથી સરેરાશ **રૂા. ૫૦,૦૦૦**/- નો ફાળો થાય તો બીજો માળ પણ બંધાઈ જાય. આ સ્કીમને પણ તેઓએ આવકારી. તેઓશ્રીએ ખરા દિલ અને અંતરથી સૌ સાથે રહી ભવન ઊભું કરે એવો આશાવાદ વ્યક્ત કર્યો.

સામયિક પ્રવચન દરમ્યાન શ્રી પંચોલી સમાજ, વડોદરાના પ્રમુખશ્રી નારાયણભાઈએ સમાજ ભવન બનાવવા માટે સૌને અપીલ કરી હતી અને ઉદાર હાથે ફાળો આપવા જણાવ્યું હતું. જે રીતે જમીન સંપાદન વખતે સૌ અગ્રણીઓએ ફાળો આપ્યો હતો તે રીતે સમાજ ભવનમાં નિર્માણ માટે સમાજના સૌ સભ્યો એમના જીવનનું શ્રેષ્ઠ દાન કરે તે માટે અપીલ કરી હતી.

ખજાનચી શ્રી રમેશભાઈએ વર્ષ ૨૦૨૩–૨૪ના હિસાબો રજૂ કર્યા, જેને સામાન્ય સભાએ બહાલી આપી. ગત વર્ષ દરમ્યાન ટ્રસ્ટી મંડળ / કારોબારી સભામાં થયેલ નિર્ણયોને સામાન્ય સભાએ બહાલી આપી.

બક્ષીપંચ સમાજ, છોટાઉદેપુર જિલ્લો, ભાજપના પ્રમુખ શ્રી ભગુભાઈ પંચોલી (ચલામલી)એ જણાવ્યું કે સમાજ ભવનનું સ્વપ્ન દાન વગર શક્ય નથી અને સમાજનો કોઈપણ વ્યક્તિ દાન માટે તત્પર રહે તેવી ભાવના વ્યક્ત કરી હતી. આ નિમિત્તે સ્વર્ગસ્થ પુત્ર હાર્દિકના સ્મરણાર્થે **રૂા. ૩૧,૦૦૧**/- ના દાનની જાહેરાત કરવામાં આવી હતી.

શ્રી બિપિનચંદ્ર (બકુલ) ચંદુલાલ પંચોલી, વડોદરા તરફથી **૫૦૦૦ ડોલર**ના દાનની જાહેરાત કરવામાં આવી હતી. સામાન્ય સભાએ તાળીઓ ગડગડાટથી આ દાનને બિરદાવ્યું હતું.

આભાર વિધિ દરમ્યાન સહમંત્રી શ્રી ધર્મેશભાઈએ જણાવ્યું હતું કે તેઓની યુવા ટીમ હર હંમેશ સમાજની સાથે જ છે. આ નિમિત્તે તેઓશ્રીએ શ્રી જય પંચોલી અને શ્રી જીગર મપારાનો ખાસ આભાર માન્યો હતો. તેઓશ્રીએ સમાજને તેમની વિચારસરણી બદલવા માટે જણાવ્યું હતું અને કહ્યું હતું કે હજુ પણ સમાજ ૧૯૯૦ની વિચારસરણીને અનુસરે છે. જો સમાજ આગળ વધશે તો પંચોલી સમાજ ભવનનું સ્વપ્ન જલ્દી સાકાર થઈ જશે. તેઓશ્રીએ ખાતમુહૂર્ત અને સામાન્ય સભામાં હાજર રહેવા બદલ શ્રી પંચોલી સેવા સમાજ, વડોદરાના સભ્યો અને બહારના એકમોમાંથી પધારેલ પ્રમુખ અને મંત્રીશ્રીઓનો આભાર માન્યો હતો અને સભાનું સમાપન કર્યું હતું.

જય સમાજ.
અશ્વિનભાઈ એસ. પંચોલી, પ્રમુખ
હરીશકુમાર એમ. પંચોલી, મંત્રી
પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ, વડોદરા.

પંચોલી નવયુગ શુભચિંતક શ્રી મણીલાલ ભાણાભાઈ પંચોલી નવાપુર સ્વ. વ્રજલાલ ખુશાલદાસ ગાંધી નવાપુર

# ॥ શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઈ – ઈનામ વિતરણ ॥

શ્રી પંચોલી સેવા સમાજ – મુંબઈ નાં ધોરણ ૧ થી ૧૧ માં ઉચ્ચ ગુણાંક મેળવનાર વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓને સ્વ. શ્રીમતી કુસુમબેન ઠાકોરલાલ દલપતરામ મિસ્ત્રીનાં સ્મરણાર્થે તેમજ શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈ ને વ્યાજ વપરાશ માટે મળેલ રકમમાંથી ઈનામ આપવામાં આવે છે તેમજ ધોરણ ૧૨માં સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીઓને સ્વ. શ્રી મધુસુદન ઝીણાભાઈ કાપડિયા ના પરિવાર અને શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈને વ્યાજ વપરાશ માટે મળેલ રકમમાંથી રોકડ ઈનામ આપવામાં આવે છે.

તેવી જ રીતે સ્નાતક અને અનુસ્નાતક એટલે કે, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ તથા ડિપ્લોમાં ડિગ્રી મેળવનાર દરેક વિદ્યાર્થીઓને માતૃશ્રી સ્વ. ભગવતીબેન અને પિતાશ્રી સ્વ. મણીલાલભાઈ ભૂલાભાઈ પંચોલીનાં સ્મરણાર્થે તેમનાં પુત્ર પંચોલી યુગાંતર શ્રી કિરણભાઈ પંચોલી તરફથી મળેલ માતબર દાનનાં ફક્ત વ્યાજ વપરાશની રકમ, તેમજ માતૃશ્રી સ્વ. ગોદાવરીબેન ઝીણાભાઈ કાપડીયાનાં સ્મરણાર્થે તેમનાં પુત્ર સ્વ.શ્રી મધુસુદનભાઈ કાપડિયા તરફથી મળેલ વ્યાજ વપરાશ રકમ, તેમજ સ્વ. શ્રીમતી પુષ્પાબેન પરમાનંદ પંચોલીનાં સ્મરણાર્થે સમાજ રત્ન સ્વ.શ્રી પરમાનંદભાઈ પંચોલી તથા પરિવાર તરફથી દર વર્ષે ગ્રેજ્યુએટ થયેલ ફક્ત વિદ્યાર્થીનીને રોકડ ઈનામ તેમજ માતૃશ્રી સ્વ. શ્રીમતી પાર્વતીબેન અને પિતાશ્રી સ્વ. નગીનલાલ પ્રાણજીવનદાસ મિસ્ત્રીનાં સ્મરણાર્થે તેમજ પુત્ર સમાજરત્ન એવમ્ પંચોલી યુગાંતર શ્રી જીતેન્દ્રભાઈ મિસ્ત્રી અને જતીનભાઈ નગીનલાલ મિસ્ત્રી અને શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈ તરફથી પારિતોષિક અને સ્મૃતિ ચિન્હો આપવામાં આવે છે. તેમજ સમાજ રત્ન પંચોલી યુગાંતર શ્રી જીતેન્દ્રભાઈ નગીનલાલ મિસ્ત્રી દ્વારા મળેલ શરતીદાનનાં વ્યાજ વપરાશની રકમમાંથી ઉચ્ચ શૈક્ષણિક ક્ષેત્રે વિશેષ ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીને વિશેષ ઈનામ આ પ્રમાણેનાં ઈનામો આપવામાં આવ્યા અને જે માટે શ્રીમતી ફોરમબેન ગાંધી દ્વારા નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓનાં નામ ઉલ્લેખવામાં આવ્યા અને સર્વ વિદ્યાર્થીઓને મંચ ઉપર આમંત્રિત કરી ઈનામ આપવામાં આવ્યા.

## તેજસ્વી તારલાઓ



CPI 8.52

**મિસ્ત્રી ભાવી તરંગકુમાર**
Master of Business Administration
નવસારી.



H.S.C. 81.67 Percentage

**યશીષ ધર્મેશભાઈ મિસ્ત્રી**
Topper of Book Keeping And Accountancy || મુંબઈ.



H.S.C. 97.58 Percentile

**ખુશી નિલેશભાઈ પંચોલી**
સુરત.



H.S.C. 97.85 Percentile

**ક્રિશ પ્રગ્નેશકુમાર પંચોલી**
સિનોર.



S.S.C. 97.76 Percentile

**યાર્મી દિવ્યેશભાઈ પંચોલી**



S.S.C. 83.99 Percentile

**હીર દિપેશભાઈ પંચોલી**
નવસારી.

## શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ વર્ષ ૨૦૨૪–૨૫
## શૈક્ષણિક, ઉચ્ચ શૈક્ષણિક, સ્નાતક, અનુસ્નાતક, ડિપ્લોમા ઈનામ નોંધ

| ધોરણ | વિદ્યાર્થી/વિદ્યાર્થીની | સ્થળ | | Honor | રકમ |
|---|---|---|---|---|---|
| 1 | Meet Nayan Navinchandra Mistry | Mira Road | Ok | Rahul | ₹ 300.00 |
| 2 | Tanay Kunal Krishnakant Pancholi | Lemington Road | Ok | Mayank | ₹ 300.00 |
| 3 | - - - | | | | |
| 4 | Himir Vaibhav Pravin Pancholi | Borivali | | Vandna | ₹ 400.00 |
| 5 | - - - | | | | |
| 6 | - - - | | | | |
| 7 | Vraj Kamlesh Ramdasbhai Mistry | Borivali | | Vishal | ₹ 400.00 |
| 8 | Bhagya Devang Kirit Bhai Gandhi | Mira Road | Ok | Kuntal | ₹ 400.00 |
| 9 | Devanshi Sandip Pramodbhai Mistry | Andheri | Ok | Rahul | ₹ 400.00 |
| 10 | Dhairya Kiran Jayntilal Mistry | Thane | Ok | Dimple | ₹ 700.00 |
| 10 | Vanshika Brijal Naresh Mistry | Mira Road | Ok | Mayank | ₹ 400.00 |
| 11 | Kasak Rakesh Navinchandra Mistry | Mira Road | Ok | Vandana | ₹ 500.00 |
| 12 | Dhruvi Kamlesh Dhirajlal Pancholi | Mumbai | Ok | vishal | ₹ 500.00 |
| 13 | Hem Kaushal Pramodbhai Mistry | Goregaon | | Kuntal | ₹ 500.00 |
| 14 | - - - | | | | |
| 15 (B.tech) | Jeet Nailnesh Amrutil Mistry | Goregaon | | Mayank | ₹ 1,500.00 |
| 15 (B.Arts in Multi Media..) | Yukta Minesh Sureshbhai Mistry | Andheri | | Vandana | ₹ 1,500.00 |
| 15 (B.Com) | Kayur Shailesh Sonal | Mumbai | | Vishal | ₹ 1,500.00 |
| 15 (M.B.B.S) | Dr. Vidhi Fagun Pancholi | Kandivali | | Dimple | ₹ 1,500.00 |
| M.B.B.S | Dr. Vidhi Fagun Pancholi | Kandivali | | Rahul | ₹ 5,000.00 |
| | **Total Cash** | | | | **₹ 15,800.00** |

# શક્તિ મહિલા મંડળ–ગણદેવી

## જાન્યુઆરી–૨૦૨૫

શક્તિ મહિલા મંડળની બહેનોએ મેડિકલ કેમ્પમાં ભાગ લીધો. તા. ૮–૧–૨૦૨૫ ના રોજ અમલસાડ ખાતે પ્રાથમિક શાળામાં AIPNO-USA તેમજ ગણદેવી તાલુકા સેવા ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહેનોએ ગર્ભાશયના મુખના કેન્સર અને બ્રેસ્ટ કેન્સર ની USA થી પધારેલ ગાયનેક ડોક્ટર્સ પાસે તપાસ કરાવી અને મેમોગ્રાફી કરાવી. આ કેમ્પમાં PEP-TEST પણ કરવામાં આવ્યું. આ કેમ્પમાં પ્રિયા મિસ્ત્રીએ ડોક્ટર્સ સાથે આસિસટન્ટ તરીકે સેવા આપી.

તા. ૧૪–૧–૨૦૨૫ મકરસંક્રાતિના દિવસે બહેનો એ તલ–ગોળના લાડું, ચીકી, મમરાના લાડુ જેવી વિવિધ વાનગીઓ બનાવી, પતંગ ચગાવી, ફીરકી પકડી, પોતાના પરિવાર સાથે ઉતરાયણની ઉજવણી કરી.

ઉતરાયણ નિમિત્તે શનિદેવના મંદિરે જઈ સૌ બહેનોએ ગરીબ ભિક્ષુકોને લાડુ, બોર, બિસ્કીટ અને વસ્ત્રનુ દાન કર્યુ.

૨૬મી જાન્યુઆરી નિમિત્તે બહેનોએ ભેગા મળી ૨ મિનિટ મૌન પાળી શહીદોને શ્રદ્ધાંજલિ આપી. વૈશાલીબેને શહિદોને શ્રદ્ધાંજલી આપતું ગીત ગાયુ. ત્યારબાદ ગણતંત્ર દિવસની ઉજવણી નિમિત્તે બહેનોએ દેશભક્તિ ગીતો ગાયા. અંતમાં અલ્પાહારને ન્યાય આપી સૌ છૂટા પડયા.

શિયાળામાં પૌષ્ટિક વસાણા અને હેલ્ધી જ્યુસ બનાવી બહેનોએ ગ્રૃપ પર ઓનલાઈન ફોટા મુક્યા. જેમાં આંબળાનું જ્યુસ, ખજૂરપાક, મેથીપાક, ગુંદરપાક, ગોળપાપડી, અડદિયાપાક વિવિધ વાનગી બનાવી ઓનલાઈન ગ્રૃપ પર ફોટા મૂકી પ્રોજેક્ટ પૂર્ણ કર્યો.

## ફેબ્રુઆરી–૨૫

શક્તિ મહિલા મંડળ ગણદેવીની બહેનોએ ફેબ્રુઆરી માસના આપેલ પ્રોજેક્ટ મુજબ પારંપારિક ભારતીય વિવિધ પ્રાંતના પોશાક પહેરી પ્રોજેક્ટ પૂર્ણ કર્યો. જેમા મહારાષ્ટ્રીયન, રાજસ્થાની, બંગાળી, પંજાબી, ગુજરાતની વિવિધ વેશભૂષા કરવામાં આવી.

**વેલેન્ટાઈન-ડેઃ** માતૃપિતૃ વંદના નિમિત્તે ગણદેવી ખાતે આવેલ વૃદ્ધાશ્રમમાં જઈ બહેનોએ વડિલો સાથે વાત–ચીત કરી, સાથે મળીને કેક કાપી બર્થ–ડે ની ઉજવણી કરી અને સમોસાનો નાસ્તો કરાવ્યો. સૌ વડીલોને ખૂબ આનંદ કરાવ્યો.

## માર્ચ–૨૫

માર્ચ માસના આપેલ પ્રોજેક્ટ મુજબ સૌ બહેનો એ જીગીષાબેનના ઘરે ભેગા મળીને રંગબેરંગી ફુલોથી ધૂળેટી રમી હોળી–ધૂળેટીની ઉજવણી કરી અને એકબીજાને શુભકામના પાઠવી, જીગીષાબેને સૌને આઈસક્રીમ ખવડાવ્યો.

૮ માર્ચ મહિલા દિન 'નારી તુ નારાયણી' નિમિત્તે સૌ બહેનોએ પોતાનું વક્તવ્ય રજુ કર્યુ. શાયરીઓ બોલી નારી ને સન્માન આપ્યું. જીજ્ઞાસાબેને તેમની બર્થ–ડે નિમિત્તે મંડળને રૂા. ૨૦૦/– ની ભેટ આપી. અંતમાં સૌ આઈસક્રીમ નો સ્વાદ માણી છૂટા પડયા.







પંચોલી નવયુગ શુભચિંતક શ્રી હિરાલાલ અમૃતલાલ મહેતા સુરત શ્રી હરકીશનદાસ ભગવાનદાસ પંચોલી સુરત

# પંચોલી ભગીની સમાજ – રાજપીપલા

**રાજપીપલા, જી. નર્મદા - ૩૯૩ ૧૪૫**

**સ્થાપના તા. ૦૧-૦૪-૨૦૦૪**

રાજપીપલા પંચોલી ભગીની સમાજની બહેનોના જય શ્રી કૃષ્ણ

રાજપીપલા પંચોલી સમાજની બહેનોએ **જાન્યુઆરી-૨૦૨૫** ની મીટીંગ રાની કે. પંચોલી ને ત્યાં રાખવામાં આવી. પ્રાર્થનાથી મીટીંગની શરૂઆત કરવામાં આવી હતી. રાનીબેને બધી બહેનોનું સ્વાગત કરી વેલકમ ડ્રીંક પીવડાવ્યું હતું. ત્યારબાદ મહિલા સંગઠન તરફથી આપવામાં આવેલ પ્રોજેક્ટ શિયાળુ પાકની સ્પર્ધા કરી અને બીજો પ્રોજેક્ટ મહીલા સંગઠન તરફથી આપવામાં આવેલ દેશભક્તિ ગીતો દ્વારા શહીદોને શ્રદ્ધાંજલી આપવામાં આવી. ઉત્તરાયણ નિમિત્તે દાનનું ખૂબ જ મહત્વ હોવાથી ગરીબ આવાસમાં જઈને ભોજન અને વસ્તુનું વિતરણ કર્યુ. અન્ય એકસ્ટ્રા પ્રોજેક્ટમાં ૧) ગાયત્રીમાતાના ૧૦૮ કુંડ યજ્ઞની રથયાત્રામાં જોડાયા ૨) ધ્યાન શિબિરનું વિશ્વ આયોજન કરી બધી બહેનોએ ભાગ લીધો. ત્યારબાદ દાનનો પ્રવાહ ચાલુ થયો અને બધી બહેનો છૂટા પડયા.

**ફેબ્રુઆરી-૨૦૨૫** ના મહીનામાં સ્નેહાબેન ડી. પંચોલીને ત્યાં મીટીંગ રાખવામાં આવી. પ્રાર્થનાથી મીટીંગની શરૂઆત કરવામાં આવી. સ્નેહાબેને બધી બહેનોને શેરડીનો રસ પીવડાવી સ્વાગત કર્યુ. મહીલા સંગઠન તરફથી આપવામાં આવેલ પ્રોજેક્ટ પારંપરીક ભારતીય વિવિધ પ્રાંતની પહેરવેશની સ્પર્ધા રાખી.

**વેલેન્ડાઈન ડે.** માતૃપિતૃ વંદના નિમિત્તે વડીલો સાથે આનંદ કિલ્લોલ (સીનીયર સીટીઝન કલબ) કરી કેક કાપી તેમની સાથે ખાસ સમય ગાળ્યો. અન્ય એક્સ્ટ્રા પ્રોજેક્ટમાં શિવરાત્રીના દિવસે બધી બહેનોએ ઉજવણી કરી તેનો ઓનલાઈન પ્રોજેક્ટ કર્યો.

**માર્ચ-૨૦૨૫** ની મીટીંગ રેખાબેન આર. પંચોલીને ત્યાં રાખવામાં આવી. પ્રાર્થનાથી મીટીંગની શરૂઆત કરવામાં આવી. રેખાબેને મંડળની બહેનોને માઝા વેલ્કમ ડ્રીંક પીવડાવીને સ્વાગત કર્યું. ત્યારબાદ મહિલા સંગઠન તરફથી આપવામાં આવેલ પ્રોજેક્ટ મહિલા દિન નિમિત્તે નારી તું નારાયણી ની વકૃત્વ સ્પર્ધા કરી. હોળી–ધુળેટી નિમિત્તે આ વર્ષે ખારા ફૂલોની હોળી રમ્યા. જેથી કેમીકલ વાળા કલરથી બચી શકાય. એકસ્ટ્રા પ્રોજેક્ટમાં મંડળની બધી બહેનોએ ધોરણ ૧૦ અને ૧૨ નાં વિદ્યાર્થીઓનું પેન આપીને શુભેચ્છા પાઠવી.

**એપ્રિલ ૨૦૨૫** ની મીટીંગ ગીતાબેન ગીરીષભાઈ પંચોલીને ત્યાં રાખવામાં આવી. પ્રાર્થનાથી શરૂઆત કરી. ગીતાબેને માઝા પીવડાવીને બધાનું સ્વાગત કર્યુ. મહિલા સંગઠન પરથી આપવામાં આવેલ પ્રોજેક્ટ વિવિધ રમત ગમત સ્પર્ધા ઊભી ખો, બેઠી ખો, લીંબુ ચમચી, ક્રિકેટ, બોટ પૈસો, અંતાક્ષરી મંડળની બધી બહેનો ખુબ ઉત્સાહથી રમ્યા. સંગઠન તરફથી બીજો પ્રોજેક્ટ ડબ્બા પાર્ટી બધી બહેનો ભેગી થઈને ગાર્ડનમાં ભેગા થયા. ખૂબ જ ઉમંગ અને ઉત્સાહથી ડબ્બા પાર્ટી ની ઉજવણી કરી. અન્ય પ્રોજેક્ટમાં ગુડીપડવોમાં ગુડીની સ્થાપના કરી પૂજા કરી. ચૈત્ર માસમાં આવતા રામનવમી, હનુમાન જન્મોત્સવ ઉજવ્યો. કુંવારીકા જમાડી અને નર્મદા પરીક્રમામાં સેવા આપી. આંબેડકર જયંતિ માં બધી બહેનો ભેગા મળીને નર્મદા વિશે ગીતો અને શાયરીઓ કરી.

# માઁ નર્મદા ની ઉત્તરવાહિની પરિક્રમા નિમિત્તે

**નર્મદે હર... નર્મદે હર...** **નર્મદે હર... નર્મદે હર...**

શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલા દ્વારા **માઁ નર્મદા ની ઉત્તરવાહિની પરિક્રમા નિમિત્તે** તા. ૯/૪/૨૦૨૫ સાંજે ૬:૦૦ થી તા.૧૦/૪/૨૦૨૫ ને બપોરે ૨:૦૦ સુધી સેવાયજ્ઞ રાખ્યો હતો. આપસૌ ના ઉષ્માભર્યો સહયોગથી ખુબ સુંદર રીતે અને શ્રી પંચોલી સમાજ રાજપીપલાના ગૌરવગાન સાથે સફળતાથી પરિપૂર્ણ થયો જેમાં નીચે મુજબ સેવાભાવીઓ એ આર્થિક સહયોગ કર્યો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| **એક શુભેચ્છક** | **રૂા. ૧૧૦૦/-** | **રમેશભાઈ સી. પંચોલી** | **રૂા. ૫૦૧/-** | **કિરણબેન જગદીશચંદ્ર** | **રૂા. ૫૦૧/-** |
| **શીતલબેન દશાંડી** | **રૂા. ૫૦૦/-** | **દિનેશચંદ્ર સંતસેવકભાઈ** | **રૂા. ૧૦૦૧/-** | **સંજયભાઈ મનહરભાઈ** | **રૂા. ૨૫૧/-** |
| **અરવિંદભાઈ વિઠ્ઠલદાસ પંચોલી** | **રૂા. ૫૦૧/-** | **પ્રકાશભાઈ મૂળજીભાઈ** | **રૂા. ૫૦૧/-** | **પંચોલી ભગીની મંડળ** | **રૂા. ૫૦૧/-** |
| **સુનિલભાઈ પ્રવીણભાઈ સાવલી** | **રૂા. ૫૦૦/-** | **અશોકભાઈ સૂર્યકાંત** | **રૂા. ૫૦૧/-** | **સુધીરભાઈ કંચનભાઈ ભરૂચ** | **રૂા. ૫૦૧/-** |
| **સતિષભાઈ મહેશભાઈ** | **રૂા. ૫૦૦/-** | **ધમેન્દ્રભાઈ રસિકભાઈ** | **રૂા. ૫૦૧/-** | **સ્વ. ઠાકોરભાઈ વિઠ્ઠલદાસ** | **રૂા. ૫૦૧/-** |
| **જયેન્દ્રભાઈ ઈશ્વરભાઈ ભરૂચ** | **રૂા. ૫૫૧/-** | **યોગેશભાઈ જે. પંચોલી આમલેથા** | **રૂા. ૫૦૧/-** | **પન્શભાઈ વિઠ્ઠલદાસ** | **રૂા. ૫૦૧/-** |
| **યોગેશ ચંદ્ર દિનેશચંદ્ર** | **રૂા. ૫૦૧/-** | **દિનેશચંદ્ર નટવરલાલ** | **રૂા. ૫૦૧/-** | **ચેતનભાઈ વિઠ્ઠલભાઇ** | **રૂા. ૫૦૧/-** |
| **વસુબેન મપારા** | **રૂા. ૫૦૧/-** | **ગીતાબેન ગીરીશચંદ્ર** | **રૂા. ૫૦૧/-** | **યોગેશભાઈ કંચનભાઇ** | **રૂા. ૫૦૧/-** |
| **બાલકૃષ્ણભાઈ વડોદરા** | **રૂા. ૫૦૧/-** | **નિલેશભાઇ જયંતીભાઈ આમલાથા** | **રૂા. ૫૦૧/-** | **ચેતનભાઈ વિઠ્ઠલભાઈ** | **રૂા. ૫૦૧/-** |
| **પંકજ દર્શન** | **રૂા. ૫૦૧/-** | **જન્મેજય તથા ઈશા પંચોલી** | **રૂા. ૨૦૨/-** | **રાજેશભાઈ વિઠ્ઠલભાઈ** | **રૂા. ૫૦૧/-** |
| **મોનાલીસા** | **રૂા. ૫૦૧/-** | **હિતેશભાઈ વિનોદ ચંદ્ર વાઘોડિયા** | **રૂા. ૫૦૧/-** | **એક શુભેચ્છક તરફથી** | **રૂા. ૫૦૧/-** |
| **શોર્ય પંકજ દર્શન** | **રૂા. ૫૦૧/-** | **દિનબંધુભાઈ પંચોલી** | **રૂા. ૫૦૧/-** | **યોગેશભાઈ કંચનભાઈ** | **રૂા. ૫૦૧/-** |
| **દિક્ષિતાબેન પટેલ** | **રૂા. ૫૦૧/-** | **અગમશરણ અમૃતભાઈ વડોદરા** | **રૂા. ૫૦૧/-** | **યોગેશભાઈ નગીનભાઈ** | **રૂા. ૫૦૧/-** |
| **સ્મિતભાઈ પટેલ** | **રૂા. ૫૦૧/-** | **અલ્પેશભાઈ ભુપેન્દ્રભાઈ ગઢબાડીયાદ** | **રૂા. ૨૦૦/-** | **ધમેન્દ્રભાઈ રસિકભાઈ** | **રૂા. ૫૦૧/-** |
| | | **એક શુભેચ્છક તરફથી** | **રૂા. ૫૦૦/-** | | |

આ ઉપરાંત વસ્તુદાન પણ દાતાઓ તરફથી આપવામા આવી. મે. લલ્લુભાઈ સોમાભાઈ મેડીકલ સ્ટોર – ટાઈગર બિસ્કીટનું કાર્ટુન ચંદ્રકાંતભાઈ જગદીશભાઈ પંચોલી ૨૫ કિલો ખાંડ, એક શુભેચ્છક તરફથી પાંચ થાળ ભરી મોહનથાળ, ધનદાન કરતા પણ વિશેષ જેને સમયનું દાન આપ્યું એવા દાતાઓ જેને ખડે પગે રહી સેવા આપી. રાજપીપલા સમાજની બહેનો–ભાઈઓ જેઓ એ કાચી કેરીનો બાફલો બનાવવામાં ખુબ મહેનત કરી.

મુ. અરવિંદભાઈ પંચોલી, મનોજભાઈ – તરુલાબેન – હર્ષ, ભાવેશભાઈ, નિખિલભાઈ – ગાયત્રીબેન – ઈશા, ગોપાલભાઈ – નીતાબેન – ખુશ્બુ, ચંદ્રકાંતભાઈ – હીનાબેન, સ્નેહાબેન – રેખાબેન, જયેશ – હિરલ – સંધ્યાબેન, આપની સહયોગ રાશિમાંથી, પરક્રિમા વાસીઓને નીચે મુજબની આપવામાં આવે, કાચી કેરી બાફલો, ચોકલેટ, મોરી મસાલા પાપડી, બિસ્કીટ તથા મોહનથાળ, પરિક્રમા વાસીઓને મસાજની સેવા.



આમ દરેક જણ તરફથી **કુલ ૨૦,૭૮૮** સહયોગ રાશિ પ્રાપ્ત થઈ જે પૈકી **સેવાયજ્ઞનો ખર્ચ ૧૭,૨૩૪** થયો. **બચેલ રકમ ૧૫,૯૭૪ પાછલા વર્ષના + ચાલુ વર્ષના ૩,૫૫૪ મળીને ૧૯,૫૨૮ બચેલ છે.** આ જ પ્રકારનો આપનો ઉષ્માભર્યો સહકાર મળશે તો બીજા સેવાકાર્યમાં આ રકમ ઉમેરી વધુમાં વધુ લોકો પાસે સેવા પહોચાડીશું.



ઉપરોક્ત સેવાયજ્ઞ ના મુખ્ય બે ઉદ્દેશ પરિપૂર્ણ થયા.

૧. પરિક્રમાવાસીઓના સમાજને આર્શીવાદ

૨. પંચોલી સમાજ રાજપીપલા એ એક આગવી ઓળખ પ્રાપ્ત કરી, બીજા સમાજના લોકોએ નોંધ લીધી અને બિરદાવ્યા.

આજ રીતે આપ સૌનો ભવિષ્યના કાર્યક્રમ માટે સહયોગ મળતો રહેશે તેવી અપેક્ષા રાખું છું આર્થિક તથા શારીરિક, માનસિક રીતે જે પણ વ્યક્તિઓએ મદદ કરી છે એ દરેકનો સેવા મંડળ વતી હું ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

જય પંચોલી સમાજ... નર્મદે હર...
જયેશભાઈ પંચોલી

# એક વાર જાવું હરીના ધામમાં



વ્યારા નિવાસી,
માન. અમૃતલાલ વલ્લભાઈ પંચોલી,
ઉંમર વર્ષ ૮૮,
તા. ૨૩/૦૪/૨૦૨૫, બુધવારના
રોજ શ્રીજી ચરણમાં સિધાવ્યા છે.



નવાપુર નિવાસી,
માન. સાકરલાલ જગજીવનદાસ
પંચોલી, ઉંમર વર્ષ ૯૪,
તા. ૨૭/૦૪/૨૦૨૫, શનિવારના
રોજ શ્રીજી ચરણમાં સિધાવ્યા છે.



મુંબઈ નિવાસી,
માન. મીનાબેન શાંતિલાલ પંચોલી,
ઉંમર વર્ષ ૭૮,
તા. ૨૮/૦૪/૨૦૨૫, શનિવારના
રોજ શ્રીજી ચરણમાં સિધાવ્યા છે.



વ્યારા નિવાસી,
માન. ડેનિસ ભરતભાઈ ગાંધી,
ઉંમર વર્ષ ૪૦,
તા. ૦૨/૦૫/૨૦૨૫, શુક્રવારના
રોજ શ્રીજી ચરણમાં સિધાવ્યા છે.



મુંબઈ નિવાસી,
માન. ઈન્દિરાબેન જીતેન્દ્રભાઈ મિસ્ત્રી,
ઉંમર વર્ષ ૭૨,
તા. ૦૫/૦૫/૨૦૨૫, સોમવારના
રોજ શ્રીજી ચરણમાં સિધાવ્યા છે.



ચાણોદ નિવાસી
શ્રી જયેશકુમાર ભિખાભાઈ પંચોલી,
ઉંમર વર્ષ ૬૮,
તા. ૧૩/૦૫/૨૦૨૫, મંગળવારના
રોજ શ્રીજી ચરણમાં સિધાવ્યા છે.



ચાણોદ નિવાસી
શકુંતલાબેન ચંદ્રકાંત પંચોલી,
તા. ૨૨/૦૫/૨૦૨૫, ગુરૂવારના
રોજ શ્રીજી ચરણમાં સિધાવ્યા છે.



નિવાસી નર્મદા
તારાબેન કંચનભાઈ પંચોલી,
તા. ૨૨/૦૫/૨૦૨૫, ગુરૂવારના
રોજ શ્રીજી ચરણમાં સિધાવ્યા છે.



સુરત નિવાસી
શ્રી હિમાંશુભાઈ હસમુખલાલ
ગજ્જર, ઉંમર વર્ષ ૬૭,
તા. ૨૩/૦૫/૨૦૨૫, શુક્રવારના
રોજ શ્રીજી ચરણમાં સિધાવ્યા છે.



વ્યારા નિવાસી
મંજુલાબેન હસમુખલાલ મિસ્ત્રી,
ઉંમર વર્ષ ૮૫,
તા. ૨૬/૦૫/૨૦૨૫, સોમવારના
રોજ શ્રીજી ચરણમાં સિધાવ્યા છે.

પંચોલી નવયુગ શુભચિંતક શ્રી સાકરલાલ ઈશ્વરલાલ પંચોલી વડોદરા શ્રી નવિનભાઈ ચીમનલાલ પંચોલી વડોદરા

# શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના
## સને ૨૦૨૫–૨૦૨૬

નામ : ..............................................................................................................

જન્મ તારીખ : ...............................

પત્ર વહેવારનું સરનામું : ...........................................................................................

...............................................................................................................................

...............................................................................................................................

પીન કોડ : .................. ફોન : (ઘર) ................................. (ઓ) ..................................

મો. ........................................... ઈમેલ : ..............................................................

અરજી વખતે કોઈ બીમારીની માહિતી ........................................................................

આ સાથે દાખલ ફી રૂા. ........................ + વાર્ષિક ફાળાની રકમ : રૂા. 300/–

કુલ રકમ ......................................... રોકડા / ચેક / ડ્રાફ્ટ થી મોકલ્યા છે.

મારા મૃત્યુ પછી સહાય નીચેના વારસદારોને મળે તેવી વિનંતી છે.

વારસદારનું નામ : (૧) .............................................. (૨) ............................................

૧. આથી હું જાહેર કરું છું કે સભ્ય થતી વખતે મને હૃદયની બીમારી, કીડનીની બીમારી, કેન્સર, બાયપાસ, એઈડ્સ કે અન્ય ગંભીર બમારી નથી.

૨. સમાજ સુરક્ષાના પાછળ મુજબના નિયમો મેં વાંચ્યા છે અને તે મને કબૂલ મંજૂર છે.

૩. જે વ્યક્તિ આ યોજનામાં દાખલ થતા એક વર્ષની અંદર મૃત્યુ પામે તો નિયમ મુજબ વિમાની રકમ મળપા પાત્ર નથી.

<u>તારીખ ૧/૧૦/૨૦૨૨ થી નીચે મુજબની નવી દાખલ ફી લેવામાં આવશે.</u>

| ઉંમર | દાખલ ફી વાર્ષિક ફાળો |
|---|---|
| ૫ થી ૨૦ વર્ષ સુધી | ૧000 + 300 (મૃત્યુદર પ્રમાણે) |
| ૨૧ વર્ષ કે તેથી વધુ 30 વર્ષ અંદર | ૧000 + 300 (મૃત્યુદર પ્રમાણે) |
| ૩૧ વર્ષ કે તેથી વધુ ૪૦ વર્ષ અંદર | ૨000 + 300 (મૃત્યુદર પ્રમાણે) |
| ૪૧ વર્ષ કે તેથી વધુ ૪૫ વર્ષ અંદર | 3000 + 300 (મૃત્યુદર પ્રમાણે) |
| ૪૫ વર્ષ કે તેથી વધુ ૫૦ વર્ષ અંદર | ૭000 + 300 (મૃત્યુદર પ્રમાણે) |

સભ્યની સહી ..........................

ઉંમરનો પુરાવો, જન્મ તારીખનો દાખલો, સ્કૂલ સર્ટીફીકેટ અથવા આધાર કાર્ડ, જન્મ તારીખ લખેલ હશે તો પણ ચાલશે.

નોંધ : ફાળાની રકમ રોકડા, ચેક અથવા ડીમાન્ડ ડ્રાફ્ટથી મોકલવી. ડ્રાફ્ટ શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના ના નામે મોકલવાની રહેશે.

## આ યોજનાની ઓફીસનું સરનામું


**પ્રમુખ**
**શ્રી મનિષભાઈ મોહનલાલ પંચોલી**
૧૧, શુકન બંગ્લોઝ, રામજી મંદિર પાસે,
કાનપુરા, વ્યારા–૩૯૪૬૫૦, જિ. તાપી
મો. ૯૮૨૫૨ ૭૪૦૨૩

**મંત્રી**
**શ્રી અંકિત હર્ષદભાઈ પંચોલી**
એ–૩૮, એ–૪૩, મીરા રેસીડન્સી
ડી.કે.પાર્ક નજીક, વ્યારા–૩૯૪૬૫૦, જિ. તાપી
મો. ૯૭૧૨૫૧૨૩૩૩


જરૂર પડે થી અરજી પત્રકની ઝેરોક્ષ કઢાવી શકાશે.

**યુનીયન બેંક ઓફ ઈન્ડિયા - A/c 605202010006175**
**IFC Code : UBIN0560529**

શ્રી પંચોલી સેવા – સમાજ મહામંડળ
સમાજ
સુરક્ષા
યોજના
तमसो मां ज्योतिर्गमय

# Let's Play Games

## Find The Way



## Fill The Colors



## Word Search Puzzle

moth 

oyster 

teapot 

apricot 

recycle 

endtable 

sunblock 


necklace 

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| q | k | c | o | l | b | n | u | s |
| e | r | e | t | s | y | o | b | u |
| v | r | n | t | e | a | p | o | t |
| o | d | h | t | o | m | n | w | p |
| t | t | o | c | i | r | p | a | x |
| e | n | d | t | a | b | l | e | e |
| j | o | r | e | c | y | c | l | e |
| y | e | c | a | l | k | c | e | n |
| m | y | f | v | n | o | k | t | q |

## કડવું છે પણ સત્ય છે.

સમાજ આપણું પ્રતિબિંબ છે, જેવા આપણે એવો સમાજ.

સમાજને સુધારવો હોય તો શરૂઆત ''સ્વ'' થી કરો.

ભેગા થવું એ શરૂઆત છે, ભેગા રહેવું તે પ્રગતિ છે,
પરંતુ ભેગા મળી કામ કરવું તે સફળતા છે.

સમાજમાં પ્રેમ રાખવો હોય તો મંદિરમાં સામુહિક ભજન કરો અને
ઘરમાં પ્રેમ રાખવો હોય તો પરિવારમાં સામુહિક ભોજન કરો.

જેને સન્માન માં રસ છે તેને સમાજ માં રસ નથી
અને જેને સમાજ માં રસ છે તેને સન્માન માં રસ નથી.

પરિવાર અને સમાજ બંન્ને બરબાદ થવા લાગે છે,
જ્યારે સમજદાર વ્યક્તિ મૌન અને નાસમજ બોલવા લાગે છે !!

સ્વસ્થ રહો, નિરોગી રહો, કસરત કરો, યોગા કરો...! અને હસતા રહો...!

LEARN & TEACH





Publisher and Printer **Jay Pancholi** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
Published & Printed : **Sakhi Graphics & Designing, 803- 804, Blue Chip Complex,**
**Nr. Stock Exchange Building, Sayajiganj, Vadodara, Gujarat 390020**
Editior : **Jay Pancholi** Mo. : 99980 54475 | **Jigar Mapara** Mo. : 98986 4866 | Email : jpancholi11052004@gmail.com